PRGI No. GUJGUJ/2016/70752

નવસર્જન સંસ્કૃતિ

નવસર્જન સંસ્કૃતિ

PUBLISHED GUJARATI DAILY FROM AHMEDABAD

Volume : 10
Issue : 350
Dt.: 25-10-2026,
Sunday
Page:04
Rs.00.50 paisa

અત્યાર સુધી ૨.૬ લાખ ટન ખાંડની જ આયાત

ખાંડના ભાવમાં ઉછાળો રોકવા સરકારનો મોટો નિર્ણય

૧૦ લાખ ટન ખાંડની ડ્યુટી-ફ્રી આયાતની સમયમર્યાદા ૩૧ ડિસેમ્બર સુધી લંબાવાઈ; ઉત્પાદન ઘટવાનો અંદાજ, પરંતુ અછતની શક્યતા ઓછી

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

તહેવારોની સીઝનમાં ખાંડની અછત ઊભી ન થાય અને બજારમાં ભાવ કાબૂમાં રહે તે હેતુથી કેન્દ્ર સરકારે ડ્યુટી-ફ્રી આયાતની સમયમર્યાદા વધારી છે.

નાણા મંત્રાલયના નોટિફિકેશન મુજબ, ટેરિફ રેટ ક્વોટા (TRQ) હેઠળ ૧૦ લાખ ટન ખાંડની આયાત માટે હવે ૩૧ ડિસેમ્બર, ૨૦૨૬ સુધીનો સમય આપવામાં આવ્યો છે. અગાઉ આ મંજૂરીની સમયમર્યાદા ૩૧ ઓક્ટોબર સુધી હતી.

ઉદ્યોગના આંકડા અનુસાર, ૧૦ લાખ ટન ખાંડની આયાતની મંજૂરી સામે અત્યાર સુધી માત્ર ૨.૬ લાખ ટન ખાંડ જ આયાત થઈ છે. આંતરરાષ્ટ્રીય બજાર અને ભારતના સ્થાનિક બજાર વચ્ચેના ભાવના તફાવતને કારણે આયાતની ગતિ ધીમી રહી છે. સમયમર્યાદા લંબાવવાથી વૈશ્વિક બજારમાં ભાવ અનુકૂળ બને ત્યારે વેપારીઓને ખાંડ આયાત કરવાની વધુ તક મળશે. ખાંડના સ્થાનિક પુરવઠાને સ્થિર રાખવા માટે સરકારે વેપારીઓ પાસે રહેલા સ્ટોક પર મર્યાદા લાદવા સહિતનાં પગલાં લીધાં છે. તેનો હેતુ સંગ્રહખોરીને નિયંત્રિત કરવાનો અને બજારમાં ખાંડનો સતત પુરવઠો જાળવવાનો છે. જોકે, આ પગલાંની વાસ્તવિક અસર બજારમાં ઉપલબ્ધ જથ્થા અને વેપારની સ્થિતિ પર નિર્ભર રહેશે. માર્કેટિંગ વર્ષ ૨૦૨૫-૨૬ દરમિયાન ભારતમાં ખાંડનું ઉત્પાદન અગાઉના ૩૪૩ લાખ ટનના અંદાજ સામે ઘટીને ૩૦૬ લાખ ટન રહેવાની ધારણા છે. બીજી તરફ, દેશની વાર્ષિક સ્થાનિક માંગ આશરે ૨૮૦થી ૨૮૫ લાખ ટન હોવાનો અંદાજ છે. આ આંકડાઓ મુજબ, ઉત્પાદન ઘટવા છતાં અંદાજિત સ્થાનિક માંગ કરતાં ઉત્પાદન વધારે રહી શકે છે.

જોકે, વાસ્તવિક પુરવઠા પર અંતિમ ઉત્પાદન, આયાત અને ઉપલબ્ધ સ્ટોકની સ્થિતિની અસર પડશે. ડ્યુટી-ફ્રી આયાતની સમયમર્યાદા વધારવાથી જરૂરિયાત ઊભી થાય ત્યારે વિદેશથી ખાંડ મંગાવવાનો વિકલ્પ ખુલ્લો રહેશે. તેનાથી પુરવઠા પરનું દબાણ ઘટાડવામાં અને ભાવમાં અચાનક ઉછાળો રોકવામાં મદદ મળી શકે છે.

જોકે, આયાત આપમેળે વધશે તેની ખાતરી નથી, કારણ કે તે આંતરરાષ્ટ્રીય ભાવ અને સ્થાનિક બજારની સ્થિતિ પર આધારિત રહેશે. સરકારનો મુખ્ય ઉદ્દેશ તહેવારો દરમિયાન ખાંડની ઉપલબ્ધતા જાળવવાનો અને ગ્રાહકોને ભાવવધારાના વધારાના બોજથી બચાવવાનો છે.

મોંઘવારી અને શિક્ષણ વ્યવસ્થા સામે પ્રદર્શનો

ફ્રાન્સમાં જનઆક્રોશ ભડક્યો, રસ્તાઓ પર ઉતર્યા વિરોધીઓ

(સંપૂર્ણ સમાચાર સેવા)ફ્રાન્સ

ફ્રાન્સમાં શિક્ષણ વ્યવસ્થાની સ્થિતિ અને વધતી મોંઘવારીને લઈને શરૂ થયેલા વિરોધ પ્રદર્શનોને કારણે રાજકીય અને સામાજિક માહોલ તંગ બન્યો છે. વિદ્યાર્થીઓના આંદોલનમાં જીવનનિર્વાહના વધતા ખર્ચથી પરેશાન લોકોનો અસંતોષ પણ જોડાયો હોવાનું અહેવાલોમાં જણાવાયું છે. અગાઉ થયેલી હિંસા અને તોડફોડની ઘટનાઓ બાદ ફરી મોટા પાયે વિરોધ થવાની શક્યતાને ધ્યાનમાં રાખીને સરકારે સુરક્ષા વ્યવસ્થા કડક બનાવી છે.

કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે દેશભરમાં આશરે ૭૦,૦૦૦ સુરક્ષાકર્મીઓ તહેનાત કરવામાં આવ્યા હોવાનો અહેવાલ છે. ફ્રાન્સના ગૃહમંત્રી લોરેન્ટ નુનેઝે સોશિયલ મીડિયા પર હિંસા અને લૂંટફાટને પ્રોત્સાહન આપતા સંદેશાઓ અંગે ચિંતા વ્યક્ત કરી છે. વહીવટીતંત્રનો પ્રયાસ સંભવિત હિંસક ઘટનાઓને અટકાવવાનો અને જાહેર સંપત્તિનું રક્ષણ કરવાનો છે.

ફ્રાન્સના પ્રમુખ ઈમેન્યુઅલ મેક્રોને હિંસક પ્રવૃત્તિઓ સામે કડક પગલાં લેવાની વાત કરી છે. તેમણે ઉગ્ર-ડાબેરી જૂથો પર દેશની પ્રજાસત્તાક વ્યવસ્થાને નુકસાન પહોંચાડવાનો પ્રયાસ કરવાનો આરોપ પણ મૂક્યો હતો. ન્યાય મંત્રી ગેરાર્ડ દારમાનિનના જણાવ્યા અનુસાર, અગાઉ થયેલી લૂંટફાટ અને તોડફોડના કેસોમાં અદાલતો દ્વારા અત્યાર સુધી ૨૧૭ લોકોને જેલમાં મોકલવામાં આવ્યા છે. બીજી તરફ, મેક્રોને માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓના પ્રતિનિધિઓ સાથે બેઠક કરી હતી. જોકે, વિદ્યાર્થીઓએ પોતાની માંગણીઓનો ઉકેલ ન આવે ત્યાં સુધી આંદોલન ચાલુ રાખવાનો સંકેત આપ્યો છે.

સુરક્ષાની ચિંતાઓને ધ્યાનમાં રાખીને પેરિસ, લિયોન અને અન્ય શહેરોના કેટલાક વિસ્તારોમાં વિરોધ પ્રદર્શનો પર પ્રતિબંધો મૂકવામાં આવ્યા હોવાનો અહેવાલ છે. ઓર્લિયન્સમાં મરીન લે પેનના પક્ષના સંમેલન સામે વિરોધ થવાની શક્યતાને કારણે પણ વહીવટીતંત્ર સતર્ક બન્યું છે.

પેરિસમાં લૂવ્ર મ્યુઝિયમ સહિતનાં સ્થળો બંધ રાખવામાં આવ્યાં હોવાની માહિતી પણ સામે આવી છે. જોકે, વિરોધ પ્રદર્શનો પરના પ્રતિબંધો અને શાંતિપૂર્ણ દેખાવકારો સામેની પોલીસ કાર્યવાહીને લઈને માનવાધિકાર સંગઠનોએ ચિંતા વ્યક્ત કરી છે. આ સ્થિતિમાં જાહેર સુરક્ષા અને શાંતિપૂર્ણ વિરોધના અધિકાર વચ્ચે સંતુલન જાળવવાનો પડકાર ઊભો થયો છે.

ફ્રાન્સમાં વિરોધ પ્રદર્શનો વચ્ચે આગામી પ્રમુખપદની ચૂંટણીને લઈને રાજકીય ચર્ચા પણ તેજ બની છે. અહેવાલમાં ટાંકવામાં આવેલા ઓપિનિયન પોલ અનુસાર, દક્ષિણપંથી નેતા મરીન લે પેનને સમર્થન મળી રહ્યું છે અને તેઓ ચૂંટણીની દોડમાં મજબૂત સ્થિતિમાં હોવાનું દર્શાવવામાં આવ્યું છે.

જોકે, ચૂંટણીનાં પરિણામો અંગે કોઈ નિશ્ચિત તારણ કાઢવું વહેલું છે. વિરોધ પ્રદર્શનો, મોંઘવારી, શિક્ષણ વ્યવસ્થા અને સરકારની કાયદો-વ્યવસ્થા નીતિ મતદારોના વલણને કેવી રીતે અસર કરશે તે જોવાનું રહેશે.

ફ્રાન્સની વર્તમાન સ્થિતિ સરકાર માટે એકસાથે અનેક પડકારો ઊભા કરે છે. એક તરફ મોંઘવારી અને શિક્ષણ અંગેની નારાજગીનો ઉકેલ લાવવાનો પ્રશ્ન છે, તો બીજી તરફ હિંસા અટકાવીને જાહેર વ્યવસ્થા જાળવવાની જવાબદારી છે. સરકાર વિરોધને કેવી રીતે સંભાળે છે અને વિદ્યાર્થીઓની માંગણીઓ અંગે શું પગલાં લે છે તેના પર આગામી દિવસોમાં દેશની રાજકીય સ્થિતિનો મોટો આધાર રહેશે.

ધરપકડથી ભારતીય એજન્સીઓ સક્રિય થઈ

મોસ્ટ વોન્ટેડ ગેંગસ્ટર હિમાંશુ ભાઉની અમેરિકામાં FBI દ્વારા ધરપકડ

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

ભારતમાં હત્યા, ખંડણી અને સંગઠિત ગુનાખોરીના અનેક કેસોમાં મોસ્ટ-વોન્ટેડ ગેંગસ્ટર હિમાંશુ ભાઉની અમેરિકામાં ફેડરલ બ્યુરો ઓફ ઈન્વેસ્ટિગેશન (FBI) દ્વારા ધરપકડ કરવામાં આવી છે. હિમાંશુ ભાઉ લાંબા સમયથી દિલ્હી અને હરિયાણા પોલીસની મોસ્ટ વોંટેડ યાદીમાં ટોપ પર હતો. તિહાડ જેલમાં બંધ કુખ્યાત ગેંગસ્ટર લોરેન્સ બિશ્નોઈનો તે કટ્ટર વિરોધી માનવામાં આવે છે.હિમાંશુ સામે ઈન્ટરપોલ દ્વારા રેડ કોર્નર નોટિસ પણ જારી કરવામાં આવી હતી. હાલમાં ભારતીય સુરક્ષા એજન્સીઓ હિમાંશુ ભાઉની કસ્ટડી મેળવવા અને તેને ભારત પ્રત્યાર્પણ કરાવવા માટે અમેરિકી અધિકારીઓ સાથે સતત સંપર્ક સાધી રહી છે. હિમાંશુ ભાઉ અને હરિયાણાથી લઈને દિલ્હી અને યુપી સુધી ફેલાયેલા તેના ગેંગના સાથીદારો સામે હત્યા, અપહરણ અને જબરદસ્તી ખંડણીના અનેક ગુના નોંધાયેલા છે.યુટ્યુબર એલ્વિશ યાદવના ઘર પર થયેલા ફાયરિંગની જવાબદારી પણ હિમાંશુ ભાઉ ગેંગે જ લીધી હતી. પોલીસ તપાસ અનુસાર, હિમાંશુ ભાઉએ ભારત છોડવા માટે બોગસ દસ્તાવેજોના આધારે ફેક પાસપોર્ટ બનાવડાવ્યો હતો અને તે પોર્ટુગલમાં છુપાઈને પોતાનું સિન્ડિકેટ ચલાવી રહ્યો હતો. તે દિલ્હીના કુખ્યાત નીરજ બવાના અને નવીન બાલી ગેંગ સાથે મળીને કામ કરે છે.જેલમાં બંધ લોરેન્સ બિશ્નોઈ ગેંગના વધતા વર્ચસ્વને પડકારવા માટે હિમાંશુ ભાઉએ દિલ્હી-NCR અને હરિયાણામાં પોતાનું એક અલગ જ ખૌફનાક નેટવર્ક ઊભું કર્યું હતું. અમેરિકામાં FBI દ્વારા તેની ધરપકડ થતાં હવે ભારતીય એજન્સીઓ તેને ભારત લાવવાની પ્રક્રિયા ઝડપી બનાવી રહી છે.

ફ્રાન્સમાં આફ્રિકન મૂળના લોકો પર ગોળીબાર, એકનું મોત, ચાર ઘાયલ

(સંપૂર્ણ સમાચાર સેવા)પેરિસ

ફ્રાન્સમાં શનિવારે યોજાનાર દેશવ્યાપી વિરોધ પ્રદર્શનો અગાઉ શુક્રવારે રાજધાની પેરિસ નજીક આવેલા ટ્રેપ્સ શહેરમાં એક બંદૂકધારીએ અંધાધૂંધ ગોળીબાર કર્યો હતો. આ બનાવમાં એક વ્યક્તિનું મોત નીપજ્યું, જ્યારે ૧૨ વર્ષની બાળકી સહિત ૪ લોકો ગંભીર રીતે ઘાયલ થયા છે. શંકાસ્પદ હુમલાખોરની અટકાયત કરી લેવામાં આવી અને તપાસ એન્ટી-ટેરરિઝમ પ્રોસિક્યુશન ઓફિસને સોંપવામાં આવી છે.હુમલાખોર યુરોપિયન મૂળનો હોવાનું સામે આવ્યું છે, જેણે પોતાની કારમાંથી આફ્રિકન અને ઉત્તર આફ્રિકન મૂળના લોકો પર ગોળીબાર કર્યો હતો. ફ્રાન્સના પ્રમુખ ઈમેન્યુઅલ મેક્રોને આ ઘટના પર ઊંડો શોક વ્યક્ત કરતાં તેને આતંકવાદી અને રેસિસ્ટ હુમલો ગણાવ્યો હતો. વધુમાં, ફ્રાન્સના ઈતિહાસનો 'ટર્નિંગ પોઈન્ટ' ગણાવતા તેમણે ઉમેર્યું કે, પીડિતોને તેમના ધર્મ અને ત્વચાના રંગના કારણે નિશાન બનાવવામાં આવ્યા હતા.ફ્રાન્સમાં ફુગાવો (મોંઘવારી), બળતણના ઊંચા ભાવ અને જાહેર ક્ષેત્રના બજેટમાં કાપ સામે વિવિધ સંગઠનો, વિદ્યાર્થી જૂથો અને યલો વેસ્ટ આંદોલનના કાર્યકરો દ્વારા દેશવ્યાપી પ્રદર્શનોનુંઆહવાન કરવામાં આવ્યું છે. હિંસા, આગજની અને લૂંટફાટની શક્યતાને ધ્યાનમાં રાખીને સરકારે દેશભરમાં ૭૦,૦૦૦ થી વધુ પોલીસ અને સુરક્ષાકર્મીઓ તૈનાત કર્યા છે.હેલિકોપ્ટર દ્વારા સર્વેલન્સ, બખ્તરબંધ વાહનો અને વોટર કેનન દ્વારા સુરક્ષા વ્યવસ્થા સજ્જ કરવામાં આવી છે. સંવેદનશીલ વિસ્તારો તેમજ પેરિસના લૂવ્ર મ્યુઝિયમ સહિતના પ્રખ્યાત સંગ્રહાલયો બંધ રાખવાનો નિર્ણય લેવાયો છે. આંતરિક મંત્રી લારેન્ટ નુનેજે હિંસા ભડકાવનાર સામે કડક કાર્યવાહીની ચેતવણી આપી છે.ફ્રાન્સ સહિત યુરોપના કેટલાક દેશોમાં સંભવિત હિંસક પ્રદર્શનો અને તંગદિલીને ધ્યાનમાં રાખીને ભારતના વિદેશ મંત્રાલયે પોતાના નાગરિકો માટે ટ્રાફિક અને સુરક્ષા એડવાઈઝરી જારી કરી છે.વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જાયસ્વાલ જણાવ્યું કે ફ્રાન્સ, ઈટાલી અને બેલ્જિયમ સ્થિત ભારતીય દૂતાવાસોને એલર્ટ કરી દેવામાં આવ્યા છે અને તેઓ સતત સ્થાનિક પરિસ્થિતિ પર નજર રાખી રહ્યા છે.

૧૨૬ કિમી પ્રતિ કલાકની ઝડપે ફૂંકાયેલા પવનથી જનજીવન ખોરવાયું

તાઈવાનમાં ચાંપી વાવાઝોડાની ભારે તબાહી, ૫૦૦થી વધુ લોકો ઘાયલ

વાવાઝોડું નબળું પડ્યા બાદ ચીનના દરિયાકાંઠા તરફ આગળ વધ્યું; દક્ષિણ જાપાનમાં પણ હવામાનની સ્થિતિ પર નજર

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

તાઈવાનમાં ચાંપી વાવાઝોડાએ ભારે અસર પહોંચાડી છે. શનિવારે આવેલા ભારે પવન અને મુશળધાર વરસાદને કારણે એક વ્યક્તિનું મોત થયું હતું, જ્યારે ૫૨૭ લોકો ઘાયલ થયા હોવાના અહેવાલ છે. અનેક વિસ્તારોમાં વૃક્ષો ધરાશાયી થયાં હતાં અને વીજળી પુરવઠો ખોરવાયો હતો. વાવાઝોડાની અસરથી પરિવહન સહિતની સેવાઓ પણ પ્રભાવિત થઈ હતી.તાઈવાનના સેન્ટ્રલ વેધર એડમિનિસ્ટ્રેશનના જણાવ્યા અનુસાર, ચાંપી અગાઉ સુપર ટાયફૂન તરીકે વર્ગીકૃત થયું હતું. શનિવારે પણ વાવાઝોડાના કેન્દ્રની નજીક પવનની ઝડપ આશરે ૧૨૬ કિમી પ્રતિ કલાક નોંધાઈ હતી.

હવામાન વિભાગના અહેવાલ મુજબ, વાવાઝોડું તાઈવાનના ઉત્તરપૂર્વીય દરિયાકાંઠા નજીકથી પસાર થયું હતું. ત્યારબાદ તે ટાપુથી પૂર્વ તરફ આગળ વધ્યું હતું. વાવાઝોડું નબળું પડ્યું હોવા છતાં ભારે પવન અને વરસાદને કારણે નુકસાન થયું હતું.

તાઈવાનના ફાયર વિભાગના જણાવ્યા અનુસાર, લિયુચીઉ ટાપુ પર દરિયાના મોજાંમાં તણાઈ જવાથી એક વ્યક્તિનું મોત થયું હતું. વાવાઝોડા દરમિયાન અન્ય ૫૨૭ લોકો ઘાયલ થયા હતા.

વીજળી કંપની તાઈપાવરના જણાવ્યા અનુસાર, વાવાઝોડાની અસરને કારણે ૧.૬૭ લાખથી વધુ ઘરોનો વીજ પુરવઠો ખોરવાયો હતો. જોકે, મોટાભાગના અસરગ્રસ્ત વિસ્તારોમાં વીજળી પુનઃસ્થાપિત કરવામાં આવી હોવાની માહિતી આપવામાં આવી હતી.

વાવાઝોડાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને તાઈવાનના ઉત્તરીય અને મધ્ય વિસ્તારોમાં શાળા તથા સરકારી કચેરીઓ સતત બીજા દિવસે બંધ રાખવામાં આવી હતી. રાજધાની તાઈપેઈમાં પણ આ પગલું લેવામાં આવ્યું હતું. ખરાબ હવામાનને કારણે કેટલીક હવાઈ ઉડાનો રદ કરવામાં આવી હતી.

આગાહી અનુસાર, ચાંપી વાવાઝોડું ઉત્તર તરફ આગળ વધીને ચીનના દરિયાકાંઠા તરફ જઈ શકે છે અને ત્યારબાદ દક્ષિણ જાપાન તરફ આગળ વધવાની શક્યતા છે. આથી સંબંધિત વિસ્તારોમાં હવામાનની સ્થિતિ પર નજર રાખવામાં આવી રહી છે.

વાવાઝોડાની દિશા અને તીવ્રતામાં થતા ફેરફારોને આધારે આગળની અસર નક્કી થશે. ચીન અને જાપાનના દરિયાકાંઠાના વિસ્તારોમાં સ્થાનિક હવામાન વિભાગોની ચેતવણીઓ પર ધ્યાન આપવું મહત્વપૂર્ણ રહેશે.

ઈરાનની ચેતવણીથી વૈશ્વિક ઈન્ટરનેટ પર સંકટના વાદળો

હુમલો થશે તો દરિયાઈ ઈન્ટરનેટ કેબલ તોડીશું, ઈરાનની અમેરિકા-ઈઝરાયેલને ચેતવણી

(સંપૂર્ણ સમાચાર સેવા)તહેરાન

મિડલ ઈસ્ટમાં તણાવ વધ્યો છે. અમેરિકા અને ઈઝરાયેલ દ્વારા ઈરાન પર સંભવિત નવા સૈન્ય હુમલાની અટકળો વચ્ચે તેહરાને એક અત્યંત આક્રમક અને ખતરનાક ચેતવણી આપી છે. ઈરાની અધિકારીઓના જણાવ્યા મુજબ, જો તેમના પર કોઈ પણ પ્રકારનો હુમલો થશે, તો તેઓ ખાડી દેશોમાં સમુદ્રની અંદર બિછાવેલી હાઈ-સ્પીડ ઈન્ટરનેટ અને કોમ્યુનિકેશન કેબલ્સને નિશાન બનાવશે.ઈરાની સૂત્રો અને સુરક્ષા અધિકારીઓના કહેવા મુજબ, જો સંઘર્ષ વણસશે તો ઈરાન માટે કોઈ 'રેડ લાઈન' બાકી રહેશે નહીં. બદલાની કાર્યવાહી રૂપે સમુદ્રની અંદર રહેલા ડેટા અને કોમ્યુનિકેશન નેટવર્કને નષ્ટ કરવામાં આવશે, જેથી લાંબા સમય સુધી વૈશ્વિક સ્તરે ઈન્ટરનેટ સેવાઓ ઠપ થઈ શકે. એટલું જ નહીં, ઈરાન આ કેબલ્સની રિપેર પણ નહીં થવા દે તેવી ધમકી આપી છે.યુએનની ટેલિકોમ્યુનિકેશન એજન્સીના આંકડા સાક્ષી છે કે દુનિયાભરનું ૯૯% ઈન્ટરનેટ ટ્રાફિક આ સબમરીન/દરિયાઈ કેબલ્સના માધ્યમથી જ ચાલે છે. જો આ કેબલ્સ પર હુમલો થાય અથવા તે ક્ષતિગ્રસ્ત થાય, તો આંતરરાષ્ટ્રીય સ્તરે કમ્યુનિકેશન કટ થઈ શકે છે અને વૈશ્વિક અર્થવ્યવસ્થાને કરોડો-અબજો ડોલરનું નુકસાન થઈ શકે છે.ઈરાનના ટોચના સુરક્ષા અધિકારી મોહસિન રેજાઈએ અગાઉ પણ ચેતવણી આપી હતી કે, જો અમેરિકા હુમલો કરશે તો માત્ર કેબલ જ નહીં, પરંતુ ખાડી દેશોમાં આવેલી અમેરિકન કંપનીઓના ડેટા સેન્ટર્સ, આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ હબ્સ અને ડિજિટલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પણ તેમના નિશાના પર રહેશે.આ વધતા તણાવ વચ્ચે તુર્કીના વિદેશ મંત્રી હકાન ફિદાને ગંભીર ચિંતા વ્યક્ત કરી છે. તેમણે ઈસ્તંબુલમાં ફ્રાન્સ, જર્મની, બ્રિટન, ઈટાલી, સાઉદી અરેબિયા અને પાકિસ્તાન સહિતના દેશોના વિદેશ મંત્રીઓની બેઠક બોલાવીને ચેતવણી આપી હતી કે જો આ યુદ્ધ વધ્યું તો સમગ્ર ક્ષેત્ર અસ્થિર થઈ જશે અને તેનો વ્યાપ અનપેક્ષિત રીતે વધી જશે. આનો ઉકેલ માત્ર કૂટનીતિ અને વાતચીત દ્વારા જ લાવવો જોઈએ.

તંત્રી લેખ......

ડિજિટલ બેંકિંગમાં વિશ્વાસનું સંકટ

સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાના આશરે ૪,૦૦૦ ગ્રાહકોની વ્યક્તિગત માહિતી, જેમ કે નામ, મોબાઈલ નંબર, જન્મ તારીખ, ઈમેલ સરનામાં, રહેણાંક સરનામાં, ગ્રાહક ઓળખ નંબર અને લોન વિગતો, ડાર્ક વેબ પર લીક થવાના સમાચારે દેશની બેંકિંગ સિસ્ટમ પર ગંભીર પ્રશ્નો ઉભા કર્યા છે. જો લાખો લોકો જે બેંક પર વિશ્વાસ કરે છે તેના ગ્રાહકોની વ્યક્તિગત માહિતી સુરક્ષિત ન હોય, તો લોકો ડિજિટલ બેંકિંગમાં વિશ્વાસ કેવી રીતે જાળવી રાખશે?

આ ઘટના ફક્ત તકનીકી સુરક્ષાનો મુદ્દો નથી. તે સીધી રીતે ગ્રાહકની ગોપનીયતા, નાણાકીય સુરક્ષા અને બેંક જવાબદારીને લગતી છે. વ્યક્તિગત માહિતીનો દુરુપયોગ ભવિષ્યમાં નાણાકીય છેતરપિંડી તરફ દોરી શકે છે. જો કોઈ સાયબર ગુનેગાર ગ્રાહકનું નામ, મોબાઈલ નંબર, જન્મ તારીખ અને લોન અરજીની વિગતો ધરાવે છે, તો તેઓ બેંક અધિકારી તરીકે પોતાને રજૂ કરીને વિશ્વાસ મેળવવાનો પ્રયાસ કરી શકે છે. તેઓ લોન મંજૂરી, [illegible] અપડેટ્સ અથવા એકાઉન્ટ સુરક્ષાના આડમાં ગ્રાહકને છેતરપિંડી કરી શકે છે. વ્યક્તિગત માહિતીની આ ચોરી નાણાકીય નુકસાન તરફ દોરી શકે છે.

આજે, બેંકો હવે ફક્ત થાપણ અને ધિરાણ આપતી સંસ્થાઓ નથી. તેમની પાસે ગ્રાહકોની આવક, સંપત્તિ, વ્યવસાય, કુટુંબની વિગતો, વ્યવહારો અને નાણાકીય વર્તન વિશે વ્યાપક માહિતી છે. આ માહિતી બેંકિંગ સેવાઓને સરળ બનાવે છે, પરંતુ તે ખોટા હાથમાં જવાથી ખૂબ ખર્ચાળ સાબિત થઈ શકે છે. અન્ય દેશોના અનુભવો આપણા માટે ઉપયોગી પાઠ આપે છે. ૨૦૧૯ માં, યુ.એસ.માં કેપિટલ વન બેંક સાથે સંકળાયેલા એક મોટા ડેટા ભંગની જાણ થઈ હતી.

આનાથી યુ.એસ.માં આશરે ૧૦ કરોડ લોકો અને કેનેડામાં આશરે ૬૦ લાખ લોકો પ્રભાવિત થયા. આ દર્શાવે છે કે સાયબર સુરક્ષા નબળાઈઓને માત્ર ટેકનિકલ ભૂલો તરીકે નકારી શકાય નહીં. બેંક મેનેજમેન્ટ જવાબદારી પણ એટલી જ મહત્વપૂર્ણ છે. યુરોપિયન યુનિયને ફરજિયાત બનાવ્યું છે કે વ્યક્તિગત ડેટા સુરક્ષાને ગંભીર રીતે જોખમમાં મૂકતા ડેટા ભંગની જાણ ૭૨ કલાકની અંદર નિયમનકારને કરવી જોઈએ. બાહ્ય કંપનીને ટેકનિકલ સેવાઓ આઉટસોર્સ કરવાથી બેંક તેની જવાબદારીમાંથી મુક્ત થતી નથી.

સિંગાપોરે ફિશિંગ છેતરપિંડીના ચોક્કસ કેસોમાં બેંકો અને ટેલિકોમ કંપનીઓ વચ્ચે સહિયારી જવાબદારી સ્થાપિત કરતું માળખું પણ વિકસાવ્યું છે. આનો હેતુ નાણાકીય સંસ્થાઓને છેતરપિંડી અટકાવવા માટે સશક્ત બનાવવાનો છે, ફક્ત ગુનો થયા પછી પગલાં લેવા માટે નહીં. ભારતે ડિજિટલ પર્સનલ ડેટા પ્રોટેક્શન એક્ટ, ૨૦૨૩ અને ૨૦૨૫ માં સૂચિત નિયમો દ્વારા નોંધપાત્ર પગલાં લીધાં છે. જો કે, ડેટા ભંગ રિપોર્ટિંગ સહિતની ઘણી મુખ્ય જોગવાઈઓ અમલમાં મૂકવાની બાકી છે.

પ્રાથમિક સુધારો ગ્રાહક સૂચના પ્રણાલીમાં હોવો જોઈએ. સંભવિત ડેટા ભંગની પુષ્ટિ પર દરેક બેંકે અસરગ્રસ્ત ગ્રાહકોને વ્યક્તિગત રીતે સૂચિત કરવા જોઈએ. તેમને સંભવિત જોખમો અને ગ્રાહકોએ લેવાની સાવચેતીઓ વિશે માહિતગાર કરવા જોઈએ. સ્વતંત્ર સાયબર સુરક્ષા ઓડિટ કરાવવું જોઈએ. બેંકોએ નિયમિતપણે બાહ્ય નિષ્ણાતો દ્વારા તેમની ડિજિટલ સિસ્ટમનું ઓડિટ કરવું જોઈએ.

સંવેદનશીલ માહિતી સુરક્ષિત ટેકનોલોજી દ્વારા સુરક્ષિત હોવી જોઈએ, અને કર્મચારીઓ અને સેવા પ્રદાતાઓ પાસે ફક્ત આવશ્યક ડેટાની ઍક્સેસ હોવી જોઈએ. લોન અરજી અને ડિજિટલ [illegible] રેકોર્ડના ઉપયોગ, સંગ્રહ અને નિકાલ માટે સ્પષ્ટ નીતિ હોવી જોઈએ. કોઈપણ બાહ્ય એજન્સી જે સુરક્ષા નબળાઈઓ શોધે છે તેને જવાબદાર ઠેરવવી જોઈએ. રિઝર્વ બેંકે બેંકો માટે શેર કરેલ સાયબર ઘટના રિપોર્ટિંગ અને શિક્ષણ પ્રણાલી વિકસાવવી જોઈએ.

ગુજરાતમાં વીજ ગ્રાહકોને મોંઘવારીનો વધુ એક ઝટકો : વિજળીના બીલમાં યુનિટ દીઠ ૩૦ થી ૪૫ પૈસાના વધારાની શકયતા

વીજ બીલમાં સંભવિત વધારાથી બજેટ ખોરવાશેઃ ઈ-સર્ટીફીકેટના નિયમોમાં મોટો સુધારોઃ સરકારી ઈ-પ્રમાણપત્રો અંગે સામાન્ય વહિવટ વિભાગનો મોટો નિર્ણય

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાતના નાગરીકો અને વીજ ગ્રાહકો માટે એક ચિંતાજનક સમાચાર પ્રાપ્ત થયા છે. પેટ્રોલ, ડીઝલ, સીએનજી ગેસ બાદ હવે વિજળીના દરોમાં વધારો થવાની પુરેપુરી શકયતા સેવાઈ રહી છે. જેના કારણે ઘરેલુ અને વેપારી એમ બંને પ્રકારના વીજ ગ્રાહકો પર મોંઘવારીનો વધુ એક મોટો બોજ પડવાની આશંકા વ્યકત થઈ રહી છે.

મળતા અહેવાલો મુજબ આગામી સમયમાં વિજળીના બીલમાં યુનિટ દીઠ ૩૦ થી ૪૫ પૈસા સુધીનો વધારો થઈ શકે છે. એક તરફ સામાન્ય પરીવારોના માસિક રસોડાનુ બજેટ અને વિવિધ ચીજવસ્તુઓના વધતા ભાવ પહેલેથી જ પરેશાન કરી રહ્યા છે. ત્યારે વિજળીના દરોમાં સંભવિત વધારો સામાન્ય જનતાની મુશ્કેલીઓમાં વધુ વધારો કરી શકે છે. માત્ર ઘરેલુ ગ્રાહકો જ નહી, પરંતુ નાના ઉદ્યોગો, કુટીર ઉદ્યોગો અને વેપારી એકમો માટે પણ આ વધારો ઉત્પાદન અને સંચાલન ખર્ચને મોંઘો સાબિત કરી શકે છે. જો કે વિજળીના દરમાં આ વધારાની સત્તાવાર જાહેરાત અને તેની અમલવારી અંગેની વિધિવત ઘોષણા થયા બાદ જ સ્પષ્ટ થશે કે ગ્રાહકોએ આર્થિક રીતે કેટલો વધારાનો બોજ સહન કરવો પડશે. વીજ બીલના

સમાચાર વચ્ચે ગુજરાત સરકાર દ્વારા નાગરીકો માટે એક અત્યંત રાહતરૂપ અને સ્વાગત યોગ્ય પગલુ ભરવામાં આવ્યુ છે. રાજયમાં સરકારી ઈ-પ્રમાણપત્રો મેળવતા નાગરીકોને લાંબા સમયથી પડતી મુશ્કેલીઓનો અંત લાવવા માટે સામાન્ય વહિવટ વિભાગ દ્વારા એક મહત્વપૂર્ણ પરીપત્ર જારી કરવામાં આવ્યો છે.

નવા અને સરળ નિયમ મુજબ હવેથી ડીઝીટલ પોર્ટલ દ્વારા નાગરીકોને આપવામાં આવતા તમામ ઈ-પ્રમાણપત્રો પર પણ અધિકૃત ગોળ સિકકો (સ્ટેમ્પ) જોવા મળશે. આ પરીપત્ર બાદ હવે પ્રમાણપત્ર પર સંબંધિત સક્ષમ અધિકારીની કચેરીની વિગતો સાથેનો અધિકૃત સ્ટેમ્પ દર્શાવવામાં આવશે. જેનાથી ડીઝીટલ સર્ટીફીકેટની કાયદાકીય માન્યતા અને ઉપયોગીતા વધુ મજબુત બનશે. અત્યાર સુધીની વ્યવસ્થા મુજબ, ડીઝીટલ માધ્યમથી ઘરબેઠા મળતા કેટલાક સરકારી પ્રમાણપત્રો પર અધિકૃત ગોળ સિકકો કે ફિઝિકલ સ્ટેમ્પ ન હોવાને કારણે નાગરીકોને અનેક પ્રકારની અડચણોનો સામનો કરવો પડતો હતો. વિવિધ સરકારી કચેરીઓમાં, બેંકોમાં કે શૈક્ષણિક સંસ્થાઓમાં સિકકો મરાવવા માટે અરજદારોએ વારંવાર સરકારી કચેરીઓના ધકકા ખાવા પડતા હતા. જેના કારણે તેમના કિંમતી સમય અને નાણાંનો વ્યય થતો હતો. સરકારના આ નવા લોક ઉપયોગી નિર્ણયથી નાગરીકોને આ બધી જ જટીલ પ્રક્રિયામાંથી કાયમી મુકિત મળશે. સરકારી સેવાઓને વધુ સરળ, પારદર્શક અને નાગરીક કેન્દ્રીય બનાવવાની દિશામાં આ નિર્ણય સીમાચિન્હરૂપ સાબિત થશે અને લાખો લોકોને ઘરબેઠા જ સંપૂર્ણપણે માન્ય દસ્તાવેજો ઉપલબ્ધ થઈ શકશે.

પીઆરએઆઈએસએ ને બદલે કર્મયોગી એપ અને આઈએફએમએસ થી તૈયાર થશે પગારબીલ

ગુજરાતમાં પ્રાથમિક શિક્ષકોના પગારની પધ્ધતિમાં મોટો ફેરફાર : ૧ નવેમ્બર થી કર્મયોગી પોર્ટલ અને આઈએફએમએસ થી થશે ચુકવણી

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાતની સરકારી પ્રાથમિક શાળાઓમાં ફરજ બજાવતા શિક્ષકો માટે વહિવટી ક્ષેત્રે એક અત્યંત મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. રાજય સરકાર દ્વારા પ્રાથમિક શિક્ષકોના માસિક પગાર ચુકવવાની પ્રક્રિયામાં મોટો બદલાવ કરવાનો આદેશ આપવામાં આવ્યો છે. આ નવી વ્યવસ્થા હેઠળ હવેથી જુની પ્રણાલીના બદલે આધુનિક અને પારદર્શક ડીઝીટલ પ્લેટફોર્મનો ઉપયોગ કરીને શિક્ષકોને સમયસર વેતન ચુકવવામાં આવશે. જેનાથી સમગ્ર પ્રક્રિયા વધુ સરળ બનશે.

અત્યાર સુધી શિક્ષકોના પગાર બીલ બનાવવા માટે (પ્રાઈસા) સોફટવેરનો ઉપયોગ કરવામાં આવતો હતો. જો કે નવી નીતી અનુસાર હવે (પ્રાઈસા) સોફટવેરની જગ્યાએ (કર્મયોગી)

એપ્લીકેશન અને (ઈન્ટિગ્રેટેડ ફાઈન્સિયલ મેનેજમેન્ટ સિસ્ટમ) મારફતે જ બીલ તૈયાર કરવામાં આવશે. ૧ નવેમ્બર ૨૦૨૬ થી આ નવી પધ્ધતિનો સત્તાવાર અમલ શરૂ કરી દેવામાં આવશે. જેનાથી બીલ પ્રોસેસીંગની કામગીરી ઝડપી બનશે. શિક્ષણ વિભાગ દ્વારા લેવાયેલા આ મહત્વપૂર્ણ નિર્ણયનો મુખ્ય ઉદેશ મહિનાના અંતે કે શરૂઆતમાં શિક્ષકોના પગાર ચુકવણીમાં થતો બિનજરૂરી વિલંબ ઘટાડવાનો અને નાણાંકીય અનિયમિતતાઓ કે ગેરરીતીઓને સંપૂર્ણપણે અટકાવવાનો છે. આ નવી પધ્ધતિના પાયલટ પ્રોજેકટ તરીકે પ્રથમ તબકકામાં ગાંધીનગર જિલ્લામાં તેનો અમલ કરવામાં આવશે.

ગાંધીનગર જિલ્લાના સફળ અમલીકરણ બાદ તબકકાવાર રીતે સમગ્ર રાજયના અન્ય જિલ્લાઓમાં પણ આ સિસ્ટમ લાગુ કરવામાં આવશે.

રણોલીમાં કેમિકલની દુર્ગંધથી હાહાકાર, બાળકોની તબિયત બગડતાં લોકો રસ્તા પર!

(સંપૂર્ણ સમાચાર સેવા)વડોદરા

વડોદરા નજીક આવેલા રણોલી ગામની સત્યનારાયણ સોસાયટીમાં છેલ્લા પાંચ દિવસથી કેમિકલ જેવી તીવ્ર દુર્ગંધ ફેલાતાં રહીશો ભારે પરેશાનીનો સામનો કરી રહ્યા છે. દુર્ગંધને કારણે બાળકોને ઊલટી થતી હોવાની અને લોકોને શ્વાસ લેવામાં તકલીફ પડતી હોવાની ફરિયાદો સામે આવી છે. પરિસ્થિતિથી કંટાળીને ગ્રામજનો મોઢે રૂમાલ બાંધી રસ્તા પર ઊતરી આવ્યા હતા અને પોતાની નારાજગી વ્યક્ત કરી હતી.

સ્થાનિક રહીશોના જણાવ્યા મુજબ, વિસ્તારમાં અગાઉ પણ કેમિકલ જેવી દુર્ગંધ આવતી હતી, પરંતુ છેલ્લા પાંચ દિવસથી તેની તીવ્રતા વધી ગઈ છે. ઘરના દરવાજા અને બારીઓ બંધ રાખવા છતાં દુર્ગંધથી રાહત મળતી ન હોવાની ફરિયાદો છે. ખાસ કરીને બાળકોની તબિયત પર અસર થતી હોવાની વાતથી વાલીઓમાં ચિંતા વધી છે. રહીશોએ તંત્રને તાત્કાલિક પગલાં લઈને સમસ્યાનો ઉકેલ લાવવા અપીલ કરી છે.

ગ્રામજનોના આક્ષેપ મુજબ, સોસાયટી નજીક કેમિકલ ભરેલા ટેક્રરો ધોવા માટેનાં સર્વિસ સ્ટેશન આવેલાં છે. આ ઉપરાંત, રણોલી [illegible] ટેક્રરોમાંથી કેમિકલ નજીકની ગટરોમાં છોડવામાં આવતું હોવાની પણ શંકા વ્યક્ત કરવામાં આવી છે. જોકે, આ આક્ષેપોની સત્તાવાર તપાસ અને પુષ્ટિ થવી જરૂરી છે.

સમસ્યાના ઉકેલ માટે ગ્રામ પંચાયત, ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ અને આરોગ્ય વિભાગ દ્વારા સંકલિત તપાસ હાથ ધરવાની માગ ઊઠી છે. સ્થાનિકોમાં એવી નારાજગી પણ જોવા મળી રહી છે કે ગંભીર સમસ્યા હોવા છતાં તાત્કાલિક રાહત માટે પૂરતી કાર્યવાહી થતી નથી.

રણોલીની સત્યનારાયણ સોસાયટીમાં ફેલાતી દુર્ગંધનું ચોક્કસ કારણ શોધવા માટે હવા અને પાણીના નમૂનાઓની તપાસ, ટેક્રર ધોવાના સ્થળોનું નિરીક્ષણ અને ગટરમાં કોઈ હાનિકારક પદાર્થ છોડવામાં આવે છે કે નહીં તેની ચકાસણી જરૂરી છે. જો નિયમોનું ઉલ્લંઘન થયું હોવાનું જણાય, તો જવાબદારો સામે કાર્યવાહી થવી જોઈએ. ત્યાં સુધી અસરગ્રસ્ત રહીશોની આરોગ્યસુરક્ષા અને તાત્કાલિક રાહતને પ્રાથમિકતા આપવી જરૂરી છે.

ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ

માર્કેટયાર્ડ ખેડ-તસીયા રોડ હિંમતનગર   ફોન :

ભાવ ૨૦ કીલો મુજબ   - તારીખ મુજબ આવક માલ ભાવ -   શનીવાર, ૨૪/૧૦/૨૦૨૬

અં.નં.	આઇટમ વિગત	આવક	નીચો ભાવ	ઉંચો ભાવ
૧	મગફળી	૨૩૨૭૯	૧,૬૯૦.00	૨,૦૫૦.00
૨	એરંડા	૦	૧,૭૧૫.00	૧,૭૨૫.00
3	ઘઉં	૨૨	૬૩૧.00	૬૫૦.00
૪	બાજરી	૦	૪૫૦.00	૪૯૦.00
૫	મકાઇ	૦	૫૨૦.00	૫૩૫.00
૬	અડદ	૫૯	૧,૬૦૦.00	૧,૭૮૧.00
૭	કપાસ	૨૪૮	૧,૭33.00	૧,૮૪૯.00
૮	સોયાબીન	૭૫૧	૧,૨૭૦.00	૧,3૮૦.00

મુનિમજી સોફટવેર

અત્યાધુનિક સ્વાસ્થ્ય સેવાઓની ભેટઃ મુખ્યમંત્રીશ્રીના હસ્તે રૂ.૫૦૦ કરોડથી વધુના આરોગ્ય પ્રકલ્પોનું લોકાર્પણ-ખાતમુહૂર્ત

અમદાવાદ

રાજયના ખૂણે-ખૂણા સુધી ગુણવત્તાયુક્ત અને સંવેદનાસભર સ્વાસ્થ્ય સેવાઓ પહોંચાડવાના દ્રઢ સંકલ્પ સાથે મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલેના હસ્તે રૂ. ૫૦૦ કરોડથી પણ વધુના આરોગ્યલક્ષી વિકાસ પ્રકલ્પોની મહાભેટ આપવામાં આવી હતી.

અમદાવાદ ખાતે યોજાયેલા આરોગ્ય પ્રકલ્પોના લોકાર્પણ અને ખાતમુહૂર્ત કાર્યક્રમમાં મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું હતું કે, વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના સેવા અને સમર્પણના ૨૫ વર્ષોમાં દેશ અને રાજ્યના આરોગ્ય ક્ષેત્રે મોટું પરિવર્તન આવ્યું છે. 'સર્વે ભવંતુ સુખીનઃ સર્વે સંતુ નિરામયા:'ની ભાવના સાકાર કરવા તરફ આજે ગુજરાતે આરોગ્ય ક્ષેત્રે વધુ એક મક્કમ ડગલું ભર્યું છે. વડાપ્રધાનશ્રીના માર્ગદર્શન હેઠળ પ્રિવેન્શન, હેલ્થ પ્રમોશન અને એફોર્ડેબલ ટ્રીટમેન્ટની ત્રિવેણી દ્વારા 'હોલિસ્ટિક હેલ્થ કેર'નો અભિગમ અપનાવવામાં આવ્યો છે.

મુખ્યમંત્રી શ્રી એ ઉમેર્યું હતું કે,એક સમયે ગંભીર બીમારીના કારણે પરિવારો આર્થિક દેવામાં ડૂબી જતા હતા, પરંતુ આયુષ્માન ભારત યોજના હેઠળ રૂ. ૧૦ લાખ સુધીની મફત સારવાર આપી ગરીબ અને જરૂરિયાતમંદ નાગરિકોને આર્થિક સુરક્ષા પૂરી પાડવામાં આવી છે. રાજ્યમાં ૨.૮૭ કરોડથી વધુ નાગરિકોને આયુષ્માન કાર્ડ એનાયત કરાયા છે.

મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્ર પટેલે આંકડાકીય વિગતો આપતાં જણાવ્યું કે,વર્ષ ૨૦૦૧-૦૨માં માત્ર ૮ મેડિકલ કોલેજો હતી, જે વધીને ૨૦૨૫-૨૬માં ૪૩ થઈ છે.

એમ.બી.બીએસની બેઠકો ૧,૩૭૫થી વધીને ૭,૫૨૫ થઈ છે.

આરોગ્ય ક્ષેત્રે ભવિષ્યના આયોજનની વાત કરતા મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, રાજકોટમાં એઈમ્સ કાર્યરત થઈ છે અને જામનગરમાં વિશ્વનું પ્રથમ 'ગ્લોબલ સેન્ટર ફોર ટ્રેડિશનલ મેડિસિન' આકાર લઈ રહ્યું છે. અમદાવાદ મેડિસિટી ખાતે રૂ. ૨૨૩ કરોડના ખર્ચે ઈન્સ્ટિટ્યૂટ ઓફ ન્યૂરોસાયન્સ એન્ડ રિસર્ચ સેન્ટરનો શિલાન્યાસ કરવામાં આવ્યો છે, જે સ્ટ્રોક, બ્રેઈન ટ્યુમર અને ન્યૂરો સંબંધિત જટિલ બીમારીઓ માટે અદ્યતન સારવાર અને સંશોધન પૂરું પાડશે. નાગરિકોને 'હેલ્થ કેર અંડર વન અમ્બ્રેલા' સેવાઓ મળી રહે તે માટે અમદાવાદની જેમ હવે વસઈ અને કામરેજ ખાતે અંદાજે રૂ. ૩૦૦૦ કરોડના ખર્ચે નવી મેડિસિટી વિકસાવવાનું આયોજન છે. સાથો સાથ ગાંધીનગર અને સુરતમાં પણ કાર્ડિયોલોજી તથા ન્યૂરોલોજીની સેવાઓનો વ્યાપ વધારવામાં આવી રહ્યો છે સહિતની વિગતો આપી હતી

મુખ્યમંત્રીશ્રીએ તબીબો અને આરોગ્ય કર્મચારીઓને અપીલ કરતાં જણાવ્યું કે, માત્ર રોગનું નિદાન અને સારવાર જ નહીં, પરંતુ દર્દી અને તેના પરિવારમાં વિશ્વાસ જગાવી માનસિક સહારો આપવો એ આપણું નૈતિક કર્તવ્ય છે. વડાપ્રધાનશ્રીના 'વિકસિત ભારત ૨૦૪૭'ના સ્વપ્નને સાકાર કરવા માટે 'સ્વસ્થ ગુજરાત'નું નિર્માણ કરવા સૌ સાથે મળીને કટિબદ્ધ બનીએ

આરોગ્ય મંત્રી પ્રફુલ્લ પાનશેરીયાએ જણાવ્યું હતું કે, મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં ગુજરાત આરોગ્ય ક્ષેત્રે નવી ઊંચાઈઓ સર કરી રહ્યું છે. રૂ. ૫૦૦ કરોડથી વધુના ખર્ચે રાજ્યભરમાં ૨૫૫ જેટલી આરોગ્ય સંસ્થાઓના લોકાર્પણ અને ખાતમુહૂર્તથી છેવાડાના નાગરિક સુધી શ્રેષ્ઠ તબીબી સુવિધાઓ પહોંચશે. અમદાવાદ સિવિલ હોસ્પિટલ કેમ્પસ ખાતે રૂ. ૨૨૩ કરોડના ખર્ચે નિર્માણ પામનારી ૫૮,૦૦૦ ચોરસ મીટર વિસ્તાર ધરાવતી ૫૨૫ બેડ અને ૧૩ અદ્યતન ઓપરેશન થિયેટર યુક્ત 'ઈન્સ્ટિટ્યૂટ ઑફ ન્યૂરોસાયન્સ એન્ડ રિસર્ચ સેન્ટર' જટિલ ન્યૂરો સંબંધિત બીમારીઓ માટે સંજીવનીરૂપ સાબિત થશે

તેમણે ઉમેર્યું હતું કે, આગામી સમયમાં આ જ સંકુલમાં એક સુસજ્જ 'સ્પાઈન હોસ્પિટલ'નું પણ આયોજન હાથ ધરવામાં આવી રહ્યું છે, જેનાથી ગરીબ અને મધ્યમ વર્ગના દર્દીઓને ઘરઆંગણે જ વિશ્વસ્તરીય સારવાર મળી રહેશે.

મંત્રીશ્રીએ રાજ્યના આરોગ્યકર્મીઓ, ડૉક્ટરો અને આશા વર્કરોની નિષ્ઠાપૂર્વકની કામગીરીને બિરદાવતા કહ્યું હતું કે, ટીબી મુક્તિ, ચાંદીપુરા વાયરસ તથા મલેરિયા નિયંત્રણ અને માતૃ-બાળ મૃત્યુદરમાં નોંધપાત્ર ઘટાડો કરવામાં ગુજરાતે અભૂતપૂર્વ સફળતા મેળવી છે. તેમણે ઓર્ગન ડોનેશનમાં સમગ્ર દેશમાં પ્રથમ ક્રમે રહેલી ગુજરાતની હોસ્પિટલો અને ૧૪૦૦થી વધુ ૧૦૮ એમ્બ્યુલન્સની અવિરત ઈમરજન્સી સેવાઓ રાજ્યના દરેક નાગરિકના સ્વાસ્થ્યની સુરક્ષા માટે કટિબદ્ધ છે તેમ જણાવ્યું હતુ

અત્રે ઉલ્લેખનીય છે કે "દર્દીને પોતાના વિસ્તારમાં જ સમયસર નિદાન અને યોગ્ય સારવાર મળે" તેવા ઉદાત્ત હેતુથી રૂ. ૧૮૫ કરોડના ખર્ચે નવનિર્મિત ૨૫૫ આરોગ્ય સુવિધાઓનું ઈ-લોકાર્પણ અને રૂ. ૩૪૭ કરોડના ખર્ચે થનારી ૪૫ નવી આરોગ્ય ક્ષેત્રે વિકાસ કામગીરીઓનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું

આ પ્રસંગે અમદાવાદ ખાતે રૂ. ૨૨૩ કરોડના ખર્ચે આકાર લેનાર 'ઈન્સ્ટિટ્યૂટ ઓફ ન્યૂરોસાયન્સ એન્ડ રિસર્ચ સેન્ટર'નું ખાતમુર્હુત કરવામાં આવ્યું હતું,જે ગુજરાત અને પડોશી રાજ્યોના દર્દીઓ માટે અત્યાધુનિક ન્યુરો સારવારનું નવું આશાકિરણ બનશે. ગુજરાતના નાગરિકોને ઘરઆંગણે સમયસર નિદાન, યોગ્ય સારવાર અને માનવીય સંવેદનાસભર આરોગ્ય સેવાઓ પૂરી પાડવાના દ્રઢ સંકલ્પ સાથે મુખ્યમંત્રીશ્રી દ્વારા રૂ. ૫૦૦ કરોડથી વધુના આરોગ્યલક્ષી વિકાસ કાર્યોની મહાભેટ આપવા માં આવી હતી. આ પ્રસંગે રૂ. ૨૨૩ કરોડના ખર્ચે વિકસાવવામાં આવનાર 'ઈન્સ્ટિટ્યૂટ ઓફ ન્યૂરોસાયન્સ એન્ડ રિસર્ચ સેન્ટર' નું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતુ,આ સંસ્થા ૫૮,૮૩૧ ચોરસ મીટર બિલ્ટ-અપ વિસ્તારમાં આકાર લેશે અને તે ૫૨૧ પથારીની ક્ષમતા ધરાવશે. આ સેન્ટરમાં ૨૮૮ જનરલ વોર્ડ બેડ, ૧૬૦ આઈ.સી.યુ. બેડ, ૫૭ સ્પેશિયલ અને સેમી-સ્પેશિયલ બેડ તેમજ ૧૬ ટ્રાયેજ બેડની સુવિધા ઉપલબ્ધ રહેશે. આ સંસ્થામાં ૧૩ આંતરરાષ્ટ્રીય ધોરણના ઓપરેશન થિયેટર, ન્યુરોલોજી અને ન્યુરોસર્જરી, ઈમરજન્સી રેડિયોલોજી, અત્યાધુનિક પ્રયોગશાળા , બ્લડ બેંક, સેન્ટ્રલ સ્ટેરાઈલ સર્વિસિસ વિભાગ , ન્યુમેટિક ટ્યુબ સિસ્ટમ અને ઈન-હાઉસ ન્યુરો-રિહેબિલિટેશન સેન્ટર જેવી વર્લ્ડ-ક્લાસ સુવિધાઓનો સમાવેશ થાય છે.

આ સેન્ટર ગુજરાત ઉપરાંત આસપાસના રાજ્યો માટે પણ અદ્યતન ન્યુરોલોજી અને ન્યુરોસર્જરી સારવારનું મહત્વપૂર્ણ કેન્દ્ર બની રહેશે. સ્ટ્રોક, મગજ અને કરોડરજ્જુની જટિલ બીમારીઓ, અકસ્માતમાં થતી ન્યુરોલોજિકલ ઈજાઓ તથા લાંબા ગાળાના પુનર્વસન માટે આ સંસ્થા દર્દીઓ અને તેમના પરિવારો માટે નવી આશા પૂરી પાડશે.

આ પ્રસંગે શહેરી વિકાસ રાજ્ય મંત્રી દર્શનાબેન વાઘેલા,મેયર હિતેશ બારોટ, જિલ્લા પંચાયત પ્રમુખ સુરજીતસિંહ ગોહિલ,સાંસદ સભ્ય સર્વે દિનેશ મકવાણા,હસમુખ પટેલ,આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ અધિક મુખ્ય સચિવ રાજીવ ટોપનો, ધારાસભ્ય સર્વે અમુલભાઈ ભટ્ટ, કૌશિક જૈન, શહેરી આરોગ્ય કમિશનર ડો સંધ્યા ભૂલ્લર,ગ્રામ્ય આરોગ્ય કમિશનર રતનકવર ગઢવી ચારણ, અધિક નિયામક ડો નીલમ પટેલ સહિત આરોગ્ય વિભાગના ઉચ્ચ અધિકારીઓ, પ્રબુદ્ધ નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા.

નવસર્જન સંસ્કૃતિમાં આપના વિસ્તારની સમસ્યા,
સંસ્થાના વિકાસલક્ષી સમાચાર,
બાળકોના જન્મદિવસની શુભેચ્છા, સગા-સંબંધીઓનું
બેસણું/શ્રદ્ધાંજલિ, વેપાર-ધંધાની જાહેર ખબર તેમજ
ન્યૂઝપેપર માટે સંપર્ક કરો.
ગાંધીનગર - સાબરકાંઠા - અરવલ્લી જીલ્લો
બ્યુરોચીફ : યુનુસ મેમણ
(મો.૭૯૮૪૮૩૬૩૭૧)
પોલોગ્રાઉન્ડ, અલકાપુરી ચાર રસ્તા પાસે, હિંમતનગર.
Email : yunushmemon@gmail.com

નવસર્જન સંસ્કૃતિ
નવસર્જન સંસ્કૃતિ
એક શુભેચ્છક

PRGI NO. GUJGUJ/2016/70752 Printed, Published & Owned by RAGINI JIGNESHKUMAR VAGHELA and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004 (2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002. (3) HADIK MAHESHBHAI DESAI at Bhoomi Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002 and Published from B/13, Sneh Plaza Shopping Center, I.O.C. Road, Chandkheda, Ahmedabad - 382 424. Editor : RAGINI JIGNESHKUMAR VAGHELA
Regd.Office : B/13, Sneh Plaza Shopping Center, I.O.C. Road, Chandkheda, Ahmedabad - 382 424 Gujarat,India. Phone : (o) 7698333307 (M) 7096333307
Email : navsarjansanskruti2016@gmail.com • navsarjansanskruti2016@yahoo.com • Website : www.navsarjansanskruti.com

જામગોરી માતાના દર્શન બાદ યાત્રાનો કરાયો પ્રારંભ : ચૈતર વસાવાના મુદ્દે ભાજપ સરકાર પર નિશાન

ચૈતર વસાવાના ન્યાય માટે આદિવાસી ન્યાય યાત્રાનો પ્રારંભ: ઉમરગામ થી અંબાજી સુધી ગુંજશે આદિવાસીઓનો અવાજ

પ્રતિનિધિ,ગાંધીનગર
તસવીર યુનુસ મેમણ

આમ આદમી પાર્ટીના ડેડીયાપાડાના ધારાસભ્ય ચૈતર વસાવાના સમર્થનમાં આજે શનિવાર થી ગુજરાતમાં આદિવાસી ન્યાય યાત્રાનો પ્રારંભ થયો છે. ચૈતર વસાવાની જેલ મુકિત, આદિવાસી સમાજના હક્ક-અધિકારો અને ન્યાય ની માંગ સાથે ઉંમરગામ થી અંબાજી સુધી આ યાત્રાનુ આયોજન કરવામાં આવ્યુ છે.

ચૈતર વસાવાના ધર્મપત્ની વર્ષાબેન વસાવા અને શકુંતલાબેન વસાવાની આગેવાનીમાં શરૂ થયેલી આ યાત્રામાં આમ આદમી પાર્ટીના નેતાઓ અને કાર્યકરો અને આદિવાસી સમાજના લોકો જોડાયા હતા. યાત્રાના પ્રથમ દિવસે વર્ષાબેન વસાવા અને શકુંતલાબેન વસાવાએ કનાડુ સ્થિત જામગોરી માતા મંદિરે દર્શન કરી આશીર્વાદ મેળવ્યા હતા. માતાજીની પ્રાર્થના બાદ યાત્રાની શરૂઆત કરવામાં આવી હતી. આ પ્રસંગે આમ આદમી પાર્ટીના ગુજરાત પ્રદેશ પ્રમુખ ઈશુદાન ગઢવી, ધારાસભ્ય ગોપાલ ઈટાલીયા, પ્રદેશ સંગઠન મહામંત્રી મનોજ સોરઠીયા સહિત પક્ષના અન્ય અગ્રણીઓ અને કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા. યાત્રાની શરૂઆત પ્રસંગે ગોપાલ ઈટાલીયાએ આક્ષેપ કર્યો હતો કે ભાજપ સરકારે ચૈતર વસાવાને ષડયંત્ર હેઠળ જેલમાં પુર્યા છે. તેમણે વધુમાં જણાવ્યુ કે ચૈતર વસાવા આદિવાસી સમાજના હક્ક અને અધિકારો માટે અવાજ ઉઠાવે છે અને આમ આદમી પાર્ટી તેમના ન્યાય માટે સંઘર્ષ ચાલુ રાખશે. તેમણે રાજયના આદિવાસી યુવાનોને પક્ષીય ભેદભાવ ભુલીને યાત્રામાં જોડાવવા અપીલ કરી હતી. ઈશુદાન ગઢવીએ પણ ભાજપ સરકાર પર આકરા પ્રહારો કરતા આદિવાસી સમાજને એક જુથ થવાની અપીલ કરી હતી. તેમણે વનબંધુ યોજના, આદિવાસીઓની જમીન અને આદિજાતિ સલાહકાર પરીષદના મુદ્દાઓ ઉઠાવી સરકારની નિતિઓ સામે સવાલો કર્યા હતા. સાથે જ વર્ષાબેન અને શકુંતલાબેન વસાવાના સંઘર્ષની પ્રશંસા કરી હતી. આદિવાસી ન્યાયયાત્રા દરમિયાન ચૈતર વસાવાની જેલમુકિત અને આદિવાસી સમાજના અધિકારીઓના મુદ્દાઓને લોકો સુધી પહોચાડવામાં આવશે. આ યાત્રા હવે કયા વિસ્તારોમાંથી પસાર થાય છે અને તેને કેવો પ્રતિસાદ મળે છે તેના પર રાજકીય વર્તુળોની નજર રહેશે. યાત્રા દરમિયાન કરવામાં આવેલા રાજકીય આક્ષેપો અંગે સંબંધિત પ્રશ્નોની પ્રતિક્રિયા અને સત્તાવાર વિગતો પણ મહત્વપૂર્ણ રહેશે.

અમદાવાદ, સુરત, વડોદરા અને રાજકોટમાં ગરમાશે રાજકારણ: દિવાળી અગાઉ ભાજપ ૩૧ થી વધુ સ્થળોએ યોજશે મહારેલીઓ

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાતમાં ભારતીય જનતા પાર્ટી હવે વિપક્ષના આંદોલનનો સામનો કરવા મેદાનમાં ઉતરવાની તૈયારી કરી રહી છે. લોકશાહી બચાવો, અરાજકતા હટાવો ના નારા સાથે ભાજપ દ્વારા રાજયભરમાં મોટાપાયે આંદોલન શરૂ કરવામાં આવશે.

આ આંદોલનની શરૂઆત આજે ૨૫ ઓકટોબર સુરતથી થશે. કેન્દ્રીય મંત્રી સી આર પાટીલ અને ભાજપના પ્રદેશ પ્રમુખની આગેવાનીમાં મહારેલીનુ આયોજન કરવામાં આવ્યુ છે. ત્યારબાદ અમદાવાદ, વડોદરા અને રાજકોટ સહિતના મહાનગરોમાં પણ ભાજપ દ્વારા રેલીઓ અને કાર્યક્રમો યોજાશે. દેશભરમાં મતદાર યાદીની ખાસ સઘન સુધારણા પ્રક્રીયા એટલે કે એસઆઈઆર મુદ્દે ભાજપ અને વિપક્ષ વચ્ચે રાજકીય ઘમસાણ તેજ બન્યુ છે. કોંગ્રેસ અને અન્ય વિપક્ષી પક્ષો મત ચોરીના આરોપો સાથે આંદોલન કરી રહ્યા છે. વિપક્ષ દ્વારા ચુંટણી પ્રક્રિયા અને ચુંટણી તંત્રની કામગીરી અંગે સવાલો ઉઠાવવામાં આવી રહ્યા છે. તો બીજી તરફ ભાજપનુ કહેવુ છે કે એસઆઈઆર કોઈ નવી પ્રક્રિયા નથી, પક્ષના મતે અગાઉ પણ અલગ અલગ સમયે મતદાર યાદીની સુધારણા પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે.

ભાજપ વિપક્ષના આક્ષેપોને રાજકીય પ્રચાર ગણાવી રહ્યો છે અને હવે જનતા વચ્ચે જઈને પોતાનો પક્ષ રજુ કરવાની તૈયારી કરી રહ્યો છે. પ્રથમ વખત સત્તાધારી પક્ષ પણ વિપક્ષના આંદોલનના જવાબમાં રોડ રસ્તા પર ઉતરીને જનસંપર્ક અભિયાનો ચલાવશે. ભાજપનો પ્રયાસ એસઆઈઆર અંગેની ગેરસમજ દુર કરવાનો અને વિપક્ષ દ્વારા ઉભા કરવામાં આવેલા રાજકીય નેરેટીવનો જવાબ આપવાનો રહેશે. ગુજરાતમાં ભાજપના આંદોલનની શરૂઆત સુરતથી થવાની છે. ત્યારબાદ અમદાવાદ, વડોદરા અને રાજકોટમાં પણ કાર્યક્રમો યોજવામાં આવશે. આ ચારેય મહાનગરોમાં સરકાર અને સંગઠનના અગ્રણી નેતાઓની હાજરીમાં રેલીઓ યોજવાની યોજના છે. કેન્દ્રીય મંત્રી સીઆર પાટીલ સહિત ભાજપના પ્રદેશ પ્રમુખ, સંગઠનના હોદ્દેદારો અને અન્ય અગ્રણી નેતાઓ આ કાર્યક્રમમાં જોડાશે. મુખ્યમંત્રી અને નાયબ મુખ્યમંત્રી સહિતના નેતાઓની ભુમિકા પણ આ કાર્યક્રમોમાં મહત્વપૂર્ણ રહેવાની શકયતા છે. અમદાવાદમાં સુભાષબ્રિજ વિસ્તાર થી રેલી યોજવાનુ આયોજન છે. જયારે રાજકોટમાં રેસકોસ મેદાન ખાતે સરકાર અને સંગઠન દ્વારા કાર્યક્રમો યોજવામાં આવશે. સુરત થી શરૂ થનારા આ અભિયાનને આગામી દિવસોમાં રાજયના અન્ય વિસ્તારો સુધી લઈ જવાની ભાજપની યોજના છે.

ભાજપ દ્વારા દિવાળી પહેલા ગુજરાતમાં ૩૧ થી વધુ સ્થળોએ લોકો વચ્ચે જઈને પોતાનો પક્ષ રજુ કરવાની તૈયારી કરવામાં આવી રહી છે. આ માટે સરકાર અને સંગઠનના સ્તરે બેઠકોનો દોર પણ ચાલી રહ્યો છે. છેલ્લા કેટલાક દિવસોમાં મુખ્યમંત્રી દ્વારા અલગ અલગ ઝોનના નેતાઓ સાથે બેઠકો યોજીને પરિસ્થિતિની સમીક્ષા કરવામાં આવી છે. ભાજપના સંગઠનના હોદ્દેદારો અને નેતાઓ પણ આ અભિયાનમાં જોડાશે. પક્ષનો હેતુ એસઆઈઆર પ્રક્રિયા અંગે લોકો સુધી પોતાની વાત પહોચાડવાનો અને વિપક્ષના વોટ ચોરીના આરોપોનો જવાબ આપવાનો છે. ગુજરાતમાં આગામી વિધાનસભા ચુંટણીને ધ્યાનમાં રાખીને ભાજપ અને કોંગ્રેસ વચ્ચે રાજકીય ટકકર વધુ તીવ્ર બની રહી છે. વિપક્ષ દ્વારા વોટ ચોરીના મુદ્દે ચલાવવામાં આવતા અભિયાન સામે ભાજપ હવે લોકશાહી બચાવો, અરાજકતા હટાવો ના નારા સાથે મેદાનમાં ઉતરી રહ્યુ છે.ભાજપનુ કહેવુ છે કે સત્તા પરીવર્તનનો માર્ગ ચુંટણી છે અને રાજકીય પક્ષોએ ચુંટણી પ્રક્રિયામાં ભાગ લઈને જનતાનો વિશ્વાસ જીતવો જોઈએ. તો બીજી તરફ વિપક્ષ એસઆઈઆર અને મતદાર યાદી સંબંધિત મુદ્દાઓને લઈને સરકાર તથા ચુંટણી તંત્ર સામે સવાલો ઉઠાવી રહ્યો છે. આગામી દિવસોમાં ગુજરાતના ૪ મહાનગરોમાં યોજાનારી રેલીઓ અને રાજયભરમાં થનારા કાર્યક્રમો પર રાજકીય વર્તુળોની નજર રહેશે. આ અભિયાનથી ભાજપ અને કોંગ્રેસ વચ્ચે રાજકીય સંઘર્ષ વધુ તેજ બનવાની શકયતા છે.

ગુજરાત પોલીસ આવાસ મરામત માટે નવી એસઓપી જાહેર: કવોટેશન સિસ્ટમના બદલે હવે સ્ટોક પધ્ધતિથી કાર્યો ઝડપથી થશે

પ્રતિનિધિ,ગાંધીનગર

રાજયના પોલીસવડા જ્ઞાનેન્દ્રસિંહ મલીક દ્વારા પોલીસ વિભાગના રહેણાંક તથા બિન રહેણાંક મકાનોના ચાલુ મરામત અને ખાસ મરામતના કાર્યો માટે નવી સ્ટાન્ડર્ડ ઓપરેટીંગ પ્રોસિજર જાહેર કરતો આદેશ જારી કરવામાં આવ્યો છે.

ગત નાણાંકીય વર્ષ ૨૦૨૫-૨૬ માં ચાલુ મરામત ગ્રાન્ટ અંતર્ગત થયેલા કાર્યોની સમીક્ષા કરતા ધ્યાને આવ્યુ હતુ કે કુલ ૪,૭૮૯ કાર્યો પાછળ થયેલા આશરે રૂપીયા ૧૯ કરોડના ખર્ચ પૈકી ૪,૧૧૯ જેટલા કાર્યો (રૂપીયા ૧૭.૪૮ કરોડ એટલે કે ૮૬ ટકા કામો) માત્ર ૩ કવોટેશન મેળવીને કરવામાં આવ્યા હતા. આ પધ્ધતિમાં મંજુરી મેળવવામાં મોટો સમય વ્યતિત થતો હતો, તેમજ વહિવટી મુશ્કેલીઓ અને ગેરરીતીના આક્ષેપો પણ થતા હતા. હવે જે નવી પધ્ધતિ અમલી કરવામાં આવી છે. તેનો મુખ્ય ઉદેશ આ મરામતના કાર્યોમાં પારદર્શિતા અને ગુણવત્તા સુનિશ્ચિત કરવી, તેમજ બિનજરૂરી સમયનો વ્યય અને ટેન્ડરીંગ / કવોટેશનની વહિવટી પ્રક્રિયા અટકાવી નાના-મોટા રીપેરીંગના કામો ઝડપથી પુરા કરવાનો છે. તે ઉપરાંત ખાસ આ નવી પધ્ધતિ અમલી થતા ગેરરીતી અને ભ્રષ્ટાચારની શકયતાઓ સંપૂર્ણપણે નાબુદ થશે.

નવી એસઓપી મુજબ હવેથી કામોના ૩ કવોટેશન મંગાવવાની પધ્ધતિ બંધ કરીને ચીજવસ્તુઓના ૩ કવોટેશન મેળવી જરૂરી સામગ્રીનો પુરતો જથ્થો કચેરી ખાતે સ્ટોકમાં રાખવાનો રહેશે. પોલીસ હેડ કવાર્ટર ખાતે કલોથિંગ આર્ટિકલ્સ ની જેમ સીવીલ અને વિદ્યુત કામ માટે ખરીદાયેલા તમામ માલસામાનનુ નિયત નમુના મુજબ સ્ટોક રજીસ્ટર અને ઈસ્યુ રજીસ્ટર નિભાવવુ પડશે. સાથોસાથ દર મહિનાની ૫ તારીખ સુધીમાં વર્ગ-૧ કે ૨ ના અધિકારી દ્વારા માલસામાનની ભૌતિક ચકાસણી કરી પ્રમાણપત્ર આપવાનુ રહેશે. કચેરીના વડાએ દર ૩ મહિને એટલે કે જાન્યુઆરી, એપ્રિલ, જુલાઈ, ઓકટોબરની ૧૦ મી તારીખ સુધીમાં જાતે સ્ટોકની ચકાસણી કરવાની રહેશે. આ નવી એસઓપી થી અનેક ફાયદાઓ થશે. જેમ કે મરામત માટે જરૂરી એવા સ્પેરપાર્ટસ, ઈલેકટ્રીક, પ્લમ્બિંગ સામગ્રી જેવો જરૂરી માલસામાન અગાઉથી કચેરી ખાતે સ્ટોકમાં હોવાથી નળ ટપકવો, લાઈટ પંખા બંધ થવા, વાઈરીંગ ફેલ થવુ કે પાઈપલાઈન લીકેજ જેવા પ્રશ્નો તાત્કાલીક ઉકેલી શકાશે. તે ઉપરાંત કવોટેશનની આડમાં થતી ગેરરીતી અટકશે, કારણ કે સામાન ઓથોરાઈઝડ ડીલર પાસેથી સ્પર્ધાત્મક દરે ખરીદાશે અને તેનો ચોકકસ રેકોર્ડ રહેશે. એટલુ જ નહી સારી કંપનીનો ગુણવત્તાયુકત સામાન વપરાશે. જેથી વારંવાર રીપેરીંગની જરૂર નહી પડે. સાથોસાથ કચેરીના ઉચ્ચ અધિકારીઓ દ્વારા નિયમિત સ્ટોક ચકાસણી અને સહીઓ ફરજીયાત કરી દેવામાં આવતા કચેરીમાં પારદર્શિતા જળવાશે.

શ્રમ અને રોજગાર વિભાગના દૈનિક વેતન મુજબ અર્ધ-કુશળ શ્રમિકો બોલાવીને કામ કરાવવાનુ રહેશે. જો કોઈ મોટુ કાર્ય માત્ર માલસામાન ખરીદવાથી ન થઈ શકે અને ૩ કવોટેશન લેવાની જરૂર પડે તો કમિશન રેટ, જિલ્લા કે એકમો ખાતે કામ શરૂ કરતા પહેલા સક્ષમ ઉપરી અધિકારી (સીપી/રેન્જ વડા) ની લેખિત પૂર્વ મંજુરી મેળવવી ફરજીયાત રહેશે. રૂપીયા ૫૦ હજાર થી વધુના કામોને ખાસ મરામત ગણી ગુજરાત રાજય પોલીસ આવાસ નિગમ લીમીટેડ ના કાર્યપાલક ઈજનેરના પરામર્શમાં રહી દરખાસ્ત મોકલવાની રહેશે. રહેણાંક અને કચેરીઓની મરામત અંગે મળતી ફરીયાદો નોધવા અને તેનુ નિરાકરણ કયારે થયુ તેની વિગતો રાખવા માટે અલગ રજીસ્ટર નિભાવવાનુ રહેશે. આ કચેરી હુકમથી રાજયભરની પોલીસ લાઈન અને પોલીસ મથકોના જાળવણી કાર્યોમાં ગતિ, ચોકસાઈ અને નાગરીકોના ટેક્ષના નાણાંની સંપૂર્ણ પારદર્શિતા આવશે.

કાલુપુર ચોખા બજાર પાસે બસમાંથી ઉતરતી વખતે વેપારીની થેલી બ્લેડથી કાપી રોકડની ચોરી

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

અમદાવાદ: શહેરની AMTS બસમાં મુસાફરોની ભીડનો લાભ ઉઠાવી રોકડ અને કિંમતી સામાનની ચોરી કરવાની ઘટના સામે આવી છે. કાલુપુર ચોખા બજાર પાસે બસમાંથી ઉતરતી વખતે ૬૦ વર્ષીય વેપારીની કાપડની થેલી બ્લેડથી કાપીને તેમાંથી ૨ લાખની રોકડ ચોરી કરવામાં આવી હોવાની ફરિયાદ નોંધાઈ છે. આ મામલે દરિયાપુર પોલીસે અજાણ્યા શખસ સામે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. થલતેજ વિસ્તારમાં રહેતા વિનોદકુમાર કંસારા કાલુપુરના કબૂતરખાના કોમ્પ્લેક્સમાં 'મેક્ષ કોર્પોરેશન' નામે શ્રોફની પેઢી ચલાવે છે. તેઓ ડિમાન્ડ ડ્રાફ્ટ (DD) અને બેંકિંગ કમિશન સંબંધિત કામગીરી કરે છે. તાજેતરમાં કમર અને થાપાના ભાગે ઓપરેશન કરાવ્યું હોવાથી વાહન ચલાવવામાં મુશ્કેલી પડતી હતી. તેથી તેઓ ઓફિસે આવવા-જવા AMTS બસનો ઉપયોગ કરતા હતા. ફરિયાદ મુજબ, ૨૨ ઓક્ટોબરના રોજ વિનોદકુમાર પોતાની પેઢીના કામ માટે ઘરેથી નીકળ્યા હતા. તેમની કાપડની થેલીમાં પાણીની બોટલ, ચશ્મા અને ૨ લાખ રોકડા હતા. તેઓ સત્તાધાર બસ સ્ટોપ પરથી AMTS બસમાં બેઠા હતા.બપોરે આશરે ૩:૧૫ વાગ્યે બસ કાલુપુર ચોખા બજારના હનુમાનજી મંદિર પાસેના બસ સ્ટોપ પર પહોંચી હતી. ઉતરવા માટે તેઓ આગળના દરવાજા પાસે ઊભા હતા ત્યારે ભીડમાં કોઈએ તેમની થેલી સાથે ચેડાં કર્યાનો અહેસાસ થયો હતો. બસમાંથી નીચે ઉતરીને તપાસ કરતાં તેમની થેલી બ્લેડથી કપાયેલી હોવાનું અને અંદર રાખેલી ૨ લાખની રોકડ ગાયબ હોવાનું જણાયું હતું. બસ રોકાવી તપાસ કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો, પરંતુ શંકાસ્પદ વ્યક્તિનો કોઈ પત્તો મળ્યો નહોતો. ઘટનાથી ગભરાયેલા વિનોદકુમાર ઘરે પરત ફર્યા હતા. ત્યારબાદ મિત્ર સાથે ચર્ચા કર્યા પછી તેમણે દરિયાપુર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. પોલીસે ગુનો નોંધી આરોપીને શોધવા અને ઘટનાની વધુ વિગતો મેળવવા તપાસ શરૂ કરી છે.

અમદાવાદ ઈન્ટરનેશનલ બૂક ફેસ્ટિવલ–૨૦૨૬

ગુજરાત રાજ્ય જેલ વિભાગનો સ્ટોલ B-48 મુલાકાતીઓ માટે વિશેષ આકર્ષણનું કેન્દ્ર બન્યો

જ્ઞાન, સુધારણા અને માનવીય પરિવર્તનની પ્રેરક ગાથા દર્શાવતા વિશિષ્ટ સાહિત્ય તથા ઈ-બુકનું પ્રદર્શન

અમદાવાદ ખાતે ૨૪ ઑક્ટોબરથી ૧ નવેમ્બર, ૨૦૨૬ દરમિયાન સવારે ૧૧:૦૦ થી રાત્રે ૧૦:૦૦ વાગ્યા સુધી યોજાઈ રહેલા 'અમદાવાદ ઈન્ટરનેશનલ બૂક ફેસ્ટિવલ–૨૦૨૬'માં દેશ-વિદેશના પ્રતિષ્ઠિત પ્રકાશકો અને લેખકોની સાથે ગુજરાત રાજ્ય જેલ વિભાગનો સ્ટોલ મુલાકાતીઓ માટે ભારે આકર્ષણનું કેન્દ્ર બન્યો છે.

આ સાહિત્યિક ઉત્સવમાં જેલ પ્રશાસનને સ્ટોલ નંબર: B-48 ફાળવવામાં આવ્યો છે. આ સ્ટોલ પર રાજ્યની જેલોમાં ચાલી રહેલા સકારાત્મક સુધારાઓ, કલ્યાણકારી પ્રવૃત્તિઓ અને બંદીવાનોના માનવીય પરિવર્તનની યાત્રાને પ્રતિબિંબિત કરતું મૂલ્યવાન સાહિત્ય પ્રદર્શિત કરવામાં આવ્યું છે.

★સ્ટોલ B-48 ના મુખ્ય સાહિત્યિક આકર્ષણો:

જેલ વ્યવસ્થાના ઐતિહાસિક સંદર્ભથી લઈને આજના આધુનિક અને સુધારાત્મક અભિગમ સુધીની તબક્કાવાર સફરનું ઊંડાણપૂર્વક વર્ણન કરતું માહિતીપ્રદ અને દસ્તાવેજી પુસ્તક આ સ્ટોલમાં છે. તે ઉપરાંત ગુનેગારીમાંથી સન્માનજનક જીવન તરફ દોરી જતા આંતરિક પરિવર્તનની પ્રેરક કથાઓ, જેલની ચાર દીવાલો વચ્ચે કેદીઓના પુનર્વસન, શિક્ષણ અને કૌશલ્ય વિકાસ દ્વારા તેમના જીવનમાં આવેલા વાસ્તવિક બદલાવને વાચા આપતા પુસ્તક પણ ઉપલબ્ધ છે.

વિશ્વ અને દેશના જેલ વહીવટના માળખાકીય તથા નીતિવિષયક ફેરફારોને આંતરરાષ્ટ્રીય અને રાષ્ટ્રીય પરિપ્રેક્ષ્યમાં રજૂ કરતો અંગ્રેજી ભાષાનો એક અધિકૃત અભ્યાસ ગ્રંથ પણ આ સ્ટોલમાં છે. બીજી તરફ સમગ્ર દેશના જેલ વિભાગોમાં સર્જન થયેલા વૈવિધ્યસભર સાહિત્યને આધુનિક ડિજિટલ સ્વરૂપમાં રજૂ કરતી ઐતિહાસિક ઈ-બુક પણ આકર્ષણ બની છે, જે જેલ તંત્રની રચનાત્મક અને કલાત્મક પ્રવૃત્તિઓનું દર્શન કરાવે છે.

પુસ્તકપ્રેમીઓ તેમજ નાગરિકોને જેલ પ્રશાસનના આ સુધારાત્મક અભિગમ અને પરિવર્તનકારી સાહિત્યિક પ્રવૃત્તિઓથી પરિચિત થવા સ્ટોલ નંબર: B-48 ની મુલાકાત લેવા જેલ ડીજીપી ડૉ.કે.એલ.એન રાવ દ્વારા અનુરોધ કરાયો છે.

મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં કે.એન. યુનિવર્સિટીનો પ્રથમ પદવીદાન સમારંભ યોજાયો

ડૉ બાબા સાહેબ આંબેડકર યુનિવર્સિટી ખાતે યોજાયેલ કે.એન. યુનિવર્સિટીના પ્રથમ પદવીદાન સમારંભમાં મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્ર પટેલે જણાવ્યું હતું કે,વિદ્યાર્થીઓને આજે જે ડિગ્રી મળી રહી છે તે માત્ર તેમની કારકિર્દી નિર્માણ પૂરતી સીમિત નથી, પરંતુ રાષ્ટ્ર નિર્માણ માટેની પણ એક નવી દિશા છે. યુવાનોએ માત્ર સારી નોકરી કે વ્યવસાય પૂરતું સીમિત ન રહેતા જ્ઞાન સાથે વિનમ્રતા, સફળતા સાથે સંવેદના અને શક્તિ સાથે જવાબદારી પણ નિભાવવાની છે. શિક્ષણ એ ચારિત્ર્ય નિર્માણ, રાષ્ટ્ર નિર્માણ અને સમાજ માટે સમર્પણનું એક સક્ષમ માધ્યમ છે.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના પ્રેરણાદાયી નેતૃત્વનો ઉલ્લેખ કરતા મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે,વડાપ્રધાનશ્રી હંમેશા કહે છે કે "યુનિવર્સિટીની પરીક્ષામાં પ્રશ્નો સિલેબસમાંથી પૂછાય છે, પરંતુ જીવનની પરીક્ષામાં બધું 'આઉટ ઓફ સિલેબસ' જ હોય છે." યુનિવર્સિટીમાં પ્રગતિ ગુણ કે માર્ક્સથી નક્કી થાય છે, પરંતુ હવે પછીની જીવનની મંજિલ સતત પરિશ્રમના પરસેવાથી નક્કી થશે.

વડાપ્રધાનશ્રીની ૨૫ વર્ષની નિષ્ઠાવાન જનસેવાને બિરદાવતા તેમણે ઉમેર્યું હતું કે, પ્રધાનમંત્રીશ્રીએ એક પણ દિવસની રજા લીધા વિના સતત રાષ્ટ્રહિત અને જનસેવા માટે કાર્ય કર્યું છે. વિશ્વમાં આવું ઉદાહરણ કદાચ બીજા ક્યાંય જોવા નહીં મળે. વડાપ્રધાનશ્રીના જીવનમાંથી પ્રેરણા લઈને યુવાનોએ શીખવું જોઈએ કે "મહેનત કરવાનો થાક નથી લાગતો, પરંતુ મહેનત કર્યાનો હર્ષકારો અનુભવાય છે."

અત્યારના સ્ટાર્ટઅપ યુગનો ઉલ્લેખ કરતા મુખ્યમંત્રીશ્રીએ વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે આજે પદવી મેળવનાર યુવાનોમાંથી ઘણા પોતાના સ્ટાર્ટઅપ કે બિઝનેસ પ્લાન સાથે આગળ વધશે. વડાપ્રધાનશ્રીએ સ્ટાર્ટઅપ, સાયન્સ અને સ્કિલ દ્વારા દેશના યુવાનોને સામર્થ્યવાન બનાવવા અનેક પ્રયાસો હાથ ધર્યા છે.

રાજ્યમાં શિક્ષણ અને સંશોધનના ક્ષેત્રે થયેલા વ્યાપક પરિવર્તન અંગે વાત કરતા તેમણે જણાવ્યું હતું કે,વડાપ્રધાનશ્રીના માર્ગદર્શન હેઠળ ગુજરાતમાં શિક્ષણ, સંશોધન અને કૌશલ્ય વિકાસને વિકાસના પાયાના સ્તંભ તરીકે સ્વીકારવામાં આવ્યા છે. વડાપ્રધાનશ્રીના મુખ્યમંત્રી કાળથી જ હાયર એજ્યુકેશનને આપવામાં આવેલા મહત્વના પરિણામે આજે કે.એન. યુનિવર્સિટી સહિતની પ્રાઈવેટ યુનિવર્સિટીઓ દ્વારા વિદ્યાર્થીઓને વર્લ્ડ ક્લાસ એજ્યુકેશન મળી રહ્યું છે. આજે રાજ્યમાં ૧૧૦ જેટલી યુનિવર્સિટીઓ કાર્યરત છે.

રાષ્ટ્રીય શિક્ષણ નીતિ અંગે મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે, નવી શિક્ષણ નીતિ અંતર્ગત ભારતીય જ્ઞાન પરંપરા, માતૃભાષા અને આધુનિક વિજ્ઞાનને પ્રાધાન્ય આપવામાં આવ્યું છે. આજે એઆઈ , સેમિકન્ડક્ટર, રોબોટિક્સ, સ્પેસ ટેકનોલોજી, ગ્રીન એનર્જી જેવા ફ્યુચરિસ્ટિક સેક્ટર્સમાં યુવાનો માટે તકોના દ્વાર ખુલ્યા છે, જેના કારણે દેશનો યુવાન 'જોબ સીકર' મટીને 'જોબ ગિવર' બની રહ્યો છે.

મુખ્યમંત્રીશ્રીએ યુવાનોને આહ્વાન કરતાં જણાવ્યું હતું કે, વડાપ્રધાનશ્રીના 'વિકસિત ભારત ૨૦૪૭'ના વિઝનને સાકાર કરવાની સૌથી મોટી જવાબદારી યુવાશક્તિના શિરે છે. ડિગ્રી સાથે પ્રામાણિકતા અને જ્ઞાન સાથે સંવેદના જોડીને 'વિકસિત ભારત' માટે 'વિકસિત ગુજરાત' બનાવવા સૌ યુવાનો સજ્જ થાય તેવી શુભેચ્છાઓ તેમણે પાઠવી હતી.

આ પ્રસંગે વિવિધ વિદ્યાશાખાના ૯ સુવર્ણ, ૬ રજત અને ૭ કાંસ્ય ચંદ્રકથી મળી ૨૨ તેજસ્વી વિદ્યાર્થીઓ મુખ્યમંત્રી શ્રી સહિત મહાનુભાવોના હસ્તે સન્માનિત કરાયા હતા.આ ઉપરાંત ૯૪ વિદ્યાર્થીઓને વિવિધ શાખાની પદવી એનાયત કરવામાં આવી હતી

આ પ્રસંગે કે.એન. યુનિવર્સિટીના પ્રેસિડેન્ટ બીપીનભાઈ પટેલ, વાઈસ પ્રેસિડેન્ટ ધ્રુવભાઈ પટેલ, વાઈસ ચાન્સલર પ્રો.વેદવ્યાસ ત્રિવેદી, ડાયરેક્ટર જનરલ ડો. પાયલબેન સિદ્ધપુરા, રજિસ્ટ્રાર શ્રી આલોક કુમાર સિંહ, આમંત્રિત મહાનુભાવો, અધ્યાપકો, વિદ્યાર્થીઓ અને વાલીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

વંદે ભારત ટ્રેન પર પથ્થરમારો કરનારા ત્રણ શખસ ઝડપાયા

(સંપૂર્ણ સમાચાર સેવા)સુરત

વંદે ભારત એક્સપ્રેસ ટ્રેન પર પથ્થરમારો કરવાની ઘટનામાં રેલવે પોલીસે ત્રણ આરોપીઓની ધરપકડ કરી છે. રાજસ્થાનના ઉદયપુરથી સુરત તરફ આવી રહેલી ટ્રેનને નિશાન બનાવવામાં આવી હતી. પથ્થરમારાને કારણે ટ્રેનના એક કોચની બારીઓના કાચ તૂટી ગયા હતા, જેના પગલે મુસાફરોમાં ભયનો માહોલ સર્જાયો હતો. જોકે, આ ઘટનામાં કોઈ મુસાફર કે રેલવે કર્મચારીને ઈજા થઈ ન હોવાનું અહેવાલમાં જણાવાયું છે. ૧૯ ઓક્ટોબરના રોજ રાજસ્થાનના ઉદયપુરથી ઉપડેલી ૨૬૯૦૪ નંબરની વંદે ભારત એક્સપ્રેસ ટ્રેન ઉતરાણ અને સુરત વચ્ચેના માર્ગ પરથી પસાર થઈ રહી હતી. તે દરમિયાન અજાણ્યા શખસોએ ટ્રેન પર પથ્થરમારો કર્યો હતો. પથ્થરમારાને કારણે ટ્રેનના C-૬ કોચમાં સીટ નંબર ૪૦, ૪૧ અને ૪૨ તેમજ ૬૦, ૬૧ અને ૬૨ની આસપાસની બારીઓના કાચ તૂટી ગયા હતા. અચાનક બનેલી ઘટનાથી કોચમાં બેઠેલા મુસાફરોમાં ગભરાટ ફેલાયો હતો.

ઘટનાની માહિતી મુંબઈ સેન્ટ્રલ ડિવિઝનના કંટ્રોલ રૂમ દ્વારા સુરત રેલવે પ્રોટેક્શન ફોર્સ (RPF) પોસ્ટને આપવામાં આવી હતી. ત્યારબાદ રેલવે પોલીસે પથ્થરમારો કરનારા શખસોને શોધવા તપાસ શરૂ કરી હતી.

પશ્ચિમ રેલવે – અમદાવાદ ડિવિઝન

અમદાવાદ ડિવિઝન પર કેટરીંગ, વોટર વેન્ડીંગ મશીનો અને મલ્ટી-પર્પઝ સ્ટોલ્સના કોન્ટ્રાક્ટસ માટે ઈ-હરાજી

અમદાવાદ ડિવિઝન પર કેટરીંગ યુનિટ્સ ખાતે કેટરીંગ સેવાઓના કોન્ટ્રાક્ટ, વોટર વેન્ડીંગ મશીનો (WVM) અને મલ્ટી-પર્પઝ સ્ટોલ્સ (MPS) ના કોન્ટ્રાક્ટ્સ માટે ઈ-હરાજી આમંત્રિત કરવામાં આવે છે. વિગતો નીચે મુજબ આપવામાં આવેલ છે.

કેટલોગ નં.	કેટેગરી	ઈ-હરાજીની તારીખ અને સમય
CTG-MPS-WVM-26	કેટરીંગ કોન્ટ્રાક્ટ (કેટરીંગ સ્ટોલ)	તમામ લોટ્સ માટે ઈ-હરાજી તા.૧૬-૧૧-૨૦૨૬ ના ૧૧:૦૦ કલાકે શરૂ થશે.
	MPS કોન્ટ્રાક્ટ (મલ્ટી-પર્પઝ સ્ટોલ્સ)	
	વોટર વેન્ડીંગ મશીનો (WVM) (પરચુરણ-સ્ટેટીક-સેવાઓ)	

નોંધ: પ્રસ્તાવિત બિડર્સને IREPS વેબસાઈટ (www.ireps.gov.in) પર ઈ-હરાજી લિઝીંગ મોડ્યુલની મુલાકાત લેવાની વિનંતી કરવામાં આવે છે. લોટ મુજબની વિગતો તેમાં ઉપર જણાવેલ કેટલોગ નંબર હેઠળ ઉપલબ્ધ છે. પ્રારંભિક કુલિંગ ઓફ સમયગાળો ૩૦ મિનિટ છે. સફળ લોટ બંધ થવાનો મધ્યાંતર ૧૦ મિનિટ છે. લોટ-પ્રમાણે બંધ થવાનો સમય IREPS ના ઈ-હરાજી મોડ્યુલ પર જોઈ શકાશે. ADI-193

અમને લાઈક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: x.com/WesternRly

દેશમાં બેરોજગારી વધી રહી છે ત્યારે શું ભાજપના "હિન્દુત્વ" શાસનથી હિન્દુઓને ફાયદો થયો છે?

(નીડર, નિષ્પક્ષ અને તટસ્થ છગનલાલ મેવાડા દ્વારા) સુરત

દેશમાં કરાયેલા એક તાજા સર્વે મુજબ, ૮ કરોડથી વધુ યુવાનો દેશમાં એવા છે કે જે ન તો અભ્યાસ કરી રહ્યા છે, ન તો કોઈ અનુસ્નાતક તાલીમ લઈ રહ્યા છે, ન તો તેઓ નોકરી શોધી રહ્યા છે. એક રીતે તેમણે નોકરી શોધવાની આશા જ છોડી દીધી છે. સને ૨૦૧૭-૧૮ ના NSSO ડેટા દર્શાવે છે કે ઉચ્ચ શિક્ષિત લોકોમાં બેરોજગારી ૧૭ ટકા સુધી વધી હતી, જે છેલ્લા ૪૫ વર્ષમાં સૌથી વધુ છે. જો કે, ૨૦૨૨ ના PLFS ડેટા અનુસાર, થોડો સુધારો જોવા મળ્યો હતો, જેના કારણે આ આંકડો ઘટીને ૧૧ ટકા થયો હતો. જોકે, નાગરિક સમાજ, નિષ્પક્ષ એજન્સીઓ અને વિશ્વ રેકિંગે પણ ભારતીય સરકાર ના વિવિધ ડેટા ની વિશ્વસનીયતા પર પ્રશ્નો ઊભા કર્યા છે. વધુમાં, વિવિધ તટસ્થ એજન્સીઓના ડેટા સૂચવે છે કે ૨૦૧૪ થી દેશમાં અને રાજ્યોમાં ગુન્હા, ફુગાવો, ભૂખમરો અને ભ્રષ્ટાચારમાં તીવ્ર વધારો થયો છે. જો કે, સચોટ રિપોર્ટિંગના અભાવે, ઘણા રાજ્યોમાં સત્ય છુપાવાવામાં આવી રહ્યું છે. સને ૨૦૧૧ ની વસ્તી ગણતરી મુજબ, હિન્દુઓ દેશની વસ્તીના આશરે ૮૦ ટકા હતા. એ સ્પષ્ટ છે કે જો બેરોજગારી, મોંઘવારી, ગુના અને ભ્રષ્ટાચાર વધશે, તો મોટી વસ્તી પર તેની અસર અપ્રમાણસર રીતે વધુ થશે. દેશમાં સરકારી શિક્ષણ, આરોગ્ય અને કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ પણ નબળી છે, જે તમામ ભારતીયો માટે ચિંતાનો વિષય છે. જ્યારે ભ્રષ્ટાચારની સ્થિતિ એટલી ગંભીર છે કે પોલીસ સ્ટેશનો અને તાલુકાઓ માં કાનૂની કામ પણ લાંચ વગર પૂર્ણ કરી શકાતું નથી, શાસક રાજકારણીઓ અને ચૂંટાયેલા પ્રતિનિધિઓના ઈશારે પણ. કોન્ટ્રાક્ટરો વારંવાર સરકારી કોન્ટ્રાક્ટમાં કમિશનમાં વધારો થવાનો આરોપ લગાવે છે. પરંતુ કોઈ સુધારો થતો નથી. નવા બનેલા રસ્તાઓ, હાઈવે, એક્સપ્રેસવે અને પુલો દરરોજ તૂટી પડે છે, માર્ગ અકસ્માતો વધી રહ્યા છે. ત્યારે મુખ્ય પ્રશ્ન એ છે કે જ્યાં સુધી પ્રામાણિક ચૂંટણીઓ ન્યાયી અને સમાન મેદાન પર ન યોજાય, ત્યાં સુધી સત્તા વિરોધી લહેર અને તેના પોતાના હિન્દુ સમર્થકોમાં ગુસ્સો હોવા છતાં ભાજપને સત્તા પરથી કેવી રીતે દૂર કરવામાં આવશે?

હવે સરકારી સ્કૂલોમાં પ્રિન્સિપાલની મંજૂરી વિના પ્રવેશ નહિ, જો પ્રવેશ્યા તો પોકસો ની કલમ લાગશે?

(નીડર, નિષ્પક્ષ અને તટસ્થ છગનલાલ મેવાડા દ્વારા) સુરત

ગુજરાતમાં આમ પણ શિક્ષણ ખાડે ગયું છે. ત્યારે રાજ્ય સરકાર તરફથી સરકારી સ્કૂલોમાં બાહ્ય વ્યક્તિ- અનધિકૃત વ્યક્તિના પ્રવેશ પર પ્રતિબંધ ફરમાવતો પરિપત્ર જાહેર કર્યો છે. એનાથી ઘણા બધા સવાલો ઉભા થઈ રહ્યા છે. પહેલું તો એ કે આ દેશના ઈતિહાસમાં આજ સુધી આવો કોઈ પરિપત્ર આ પહેલાની કોઈ પણ સરકારે બહાર પાડેલો ન હતો કારણ કે એનાથી સમાજ ને સરકારી સ્કૂલોમાં ચાલતી લાલિયાવાડી ના અહેવાલો મીડિયા અને સામાજિક કાર્યકરો દ્વારા મળતા હતા અને સરકારી સ્કૂલો માટે સરકાર જાગૃત થતી હતી. હવે પરિસ્થિતિ તદ્દન ઉલ્ટી થઈ ગઈ એક બાજુ સરકારી શાળાઓની હાલત બિસ્માર છે જેમાં શિક્ષકોની ઘટ, બિલ્ડીંગ જોખમી, પીરસાતું ભોજન ગુણવત્તા યુક્ત છે કે નહિ? વગેરેનો સમાવેશ થાય એવી સરકારી શાળાઓમાં કોઈ મિડિયા કે સામાજીક સંસ્થાઓ એ પ્રવેશવું હશે તો પ્રિન્સિપાલ ની લેખીત પરમીશન લઈને પ્રવેશ મળશે.

હવે જો પ્રિન્સિપાલ પરમીશન આપે અને મિડિયા કે સામાજીક સંસ્થા ધ્વારા સરકારી સ્કૂલ ની વાસ્તવિકતા બતાવાય તો પરમિશન આપનારા પ્રિન્સિપાલ ને સરકાર ને જવાબ આપવો ભારે પડે અને પરમિશન ના આપે તો જે ગેરરીતીઓ ચાલતી હોય એને ખુલ્લી કરનાર કોઈ નહિ હોવાથી બધુ બરાબર છે નું ઢોલ પીટી ઢાંકપીછોડો કરી ગેરરીતિઓ દબાવી દેવાય.

કારણ જો પ્રિન્સિપાલ બાહ્ય વ્યક્તિ સામે શાળા પ્રવેશ બાબતે પોલીસ ફરિયાદ કરે તો આચાર્યને કોર્ટના ધરમ ધક્કા ખાવા પડે. અને અન્ય સાથે વિવાદ માં ઉતરવું પડે. આમ આચાર્યોની દશા મા-મને કોઠી માંથી કાઢ એવી દશા સરકારી પરિપત્ર ને કારણે થઈ છે.

આમ સરકાર જ્યાં પહેલેથી શિક્ષણનું સ્તર સુધારી શકતી નથી, પુરતા શિક્ષકો-સુવિધાઓ સરકારી સ્કૂલો માં આપી શકતી નથી ત્યારે હવે આ રીતે પ્રવેશબંધી કરાવીને ખુલતી પોલ સરકાર રોકવા માંગે છે. અને ગેરરીતિઓ બહાર આવતી રોકવાનો આ આદેશ છે એ સ્પષ્ટ દેખાઈ રહ્યું છે.

રૂપિયા ૧૬ ની ઉધરસની ગોળીઓ ઓનલાઈન પેમેન્ટ દ્વારા લેવા જતા રૂપિયા ૧૧,૫૦,૯૪૬ ગુમાવવાનો વારો આવ્યો

(નીડર, નિષ્પક્ષ અને તટસ્થ છગનલાલ મેવાડા દ્વારા) સુરત

આજના ઓનલાઈન યુગમાં લોકો રૂપિયા ૧૦ જેવી રકમ પણ ઓનલાઈન પર પેમેન્ટ કરતાં થઈ ગયા છે જેમકે રીક્ષા,ચાની લારી કે હોટલમાં કટિંગ ચા, શાકભાજી જેવી અનેક નાની મોટી ૫૦ રૂપિયા થી ૧૦૦ રૂપિયા જેવી રકમો ઓનલાઈન પેમેન્ટ કરતા હોવાથી ઘણા ચિટિંગનો ભોગ બને છે. આવો જ એક કિસ્સો મુંબઈના સાકીનાકાના સફેદ પુલ નજીક રહેતા ૭૯ વર્ષના ભારતીય વાયુસેના અને એર ઈન્ડિયાના નિવૃત્ત કર્મચારી બન્યા છે. અત્રે જાણવા મળતી વિગતો અનુસાર ઉપરોક્ત નિવૃત્ત કર્મચારીએ ઉધરસની માત્ર ૧૬ રૂપિયાની ગોળીઓ ખરીદીને ઓનલાઈન પેમેન્ટ કર્યા બાદ તેમના બેંક ખાતામાંથી અને ક્રેડિટ કાર્ડમાંથી રહસ્યમય રીતે રૂપિયા ૧૧,૫૦,૯૪૬ (અગીયાર લાખ પચ્ચાસ હજાર નવસો છેતાલીસ) રૂપિયા ઉપડી ગયા હતા. મુંબઈના સાકીનાકા પોલીસે આ મામલે શુક્રવારે જ અજ્ઞાત આરોપી સામે ફરિયાદ નોંધીને વધુ તપાસ શરૂ કરી છે. પેમેન્ટ સફળ થયાનો મેસેજ આવ્યાના થોડાજ સમયમાં તેમના મોબાઈલ પર નેટ બેંકિંગ માં નવું Payee ઉમેરાયાનો મેસેજ આવ્યો હતો. ત્યાર બાદ તરત જ તેમના બેંક ખાતામાંથી પૈસા ઉપડી ગયા હતા.

આ કેસ માં ફરિયાદીના ખાતામાંથી કઈ રીતે પૈસા ઉપડયા એ શોધવા માટે સ્થાનિક પોલીસ સાથે ટેકનિકલ ટીમ તપાસે લાગી ગઈ છે.

રૂ.૧૦ હજાર કરોડના વેપાર પર અસરની આશંકા

દિવાળી પહેલા રાહુલ ગાંધીને વેપારીઓનો પત્ર: રામલીલા મેદાનની રેલી મુલત્વી રાખવાની માંગ

પ્રતિનિધિ,ગાંધીનગર

દિવાળીના તહેવાર પહેલા દિલ્હીના વેપારીઓએ કોંગ્રેસના નેતા અને લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીને પત્ર લખીને ૧ નવેમ્બરે રામલીલા મેદાનમાં યોજાનારી રેલી મુલત્વી રાખવાની અપીલ કરી છે.

ચેમ્બર ઓફ ટ્રેડ એન્ડ ઈન્ડસ્ટ્રી (સીટીઆઈ) નુ કહેવુ છે કે રેલીના કારણે દિલ્હીના મુખ્ય બજારોમાં ટ્રાફીક, અવર-જવર અને વેપારને અસર થઈ શકે છે. વેપારીઓના જણાવ્યા અનુસાર આ સમયગાળામાં અંદાજે રૂપીયા ૧૦ હજાર કરોડનો વેપાર પ્રભાવિત થવાની આશંકા છે. ભૈયાદુઝ સુધી રેલી મુલત્વી રાખવાની ચેમ્બર ઓફ ટ્રેડ એન્ડ ઈન્ડસ્ટ્રીના ચેરમેન બ્રિજેશ ગોયલે માંગણી કરી છે.

શંકરસિંહ સહિત પાંચ પૂર્વ મુખ્યમંત્રીની કોંગ્રેસમાં ઘરવાપસી થશેઃ દિવાળી પહેલા અથવા તો દિવાળી બાદ ઘરવાપસી થાય તેવી શકયતા

પ્રતિનિધિ,ગાંધીનગર

વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ ચુંટણીપંચની મનસ્વી કામગીરી સામે આક્રમક વલણ અપનાવ્યુ છે અને ચુંટણી કમિશ્નર જ્ઞાનેશકુમારના રાજીનામાની માંગ કરી છે. રાહુલ ગાંધી સતત મોદી સરકાર પર પ્રહારો કરી રહ્યા છે અને જ્ઞાનેશકુમારના રાજીનામાની માંગે દિલ્હીના રાજકીય વાતાવરણને ગરમાવી દીધુ છે.

આ દરમિયાન ગુજરાતમાં પણ એક મોટા રાજકીય ફેરફારની ચર્ચાઓ ચાલી રહી છે. અહેવાલો અનુસાર ૧૫ થી વધુ ભાજપના ધારાસભ્યો અંદરખાને કોંગ્રેસના દિગ્ગજ નેતાઓના સંપર્કમાં હોય તેવુ બહાર આવ્યુ છે. ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી શંકરસિંહ વાઘેલા સહિત ૫ મુખ્યમંત્રીઓ કોંગ્રેસમાં પરત ફરી શકે છે. ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી શંકરસિંહ વાઘેલા અને અન્ય ૪ પૂર્વ મુખ્યમંત્રીઓએ કોંગ્રેસમાં પાછા ફરવાની ઈચ્છા વ્યકત કરી હોવાના અહેવાલો છે. વાઘેલાએ ખુલ્લેઆમ પક્ષમાં ફરી જોડાવવાની પોતાની ઈચ્છા જાહેર કરી દીધી છે. જયારે આ અંગે ગુજરાતના કોંગ્રેસના પ્રભારી રણદીપ સુરજેવાલાને પુછવામાં આવ્યુ ત્યારે તેમણે વાઘેલાના પરત ફરવા અંગેના અહેવાલો નો ન તો ઈન્કાર કર્યો કે ન તો સમર્થન આપ્યું, તેમણે માત્ર એટલુ જ કહ્યુ કે જો આવુ કંઈપણ થશે તો તેઓ સૌથી પહેલા મીડીયાને જાણ કરશે. ચુંટણીપંચ સામે રાહુલ ગાંધીના મકકમ વલણે એક મજબુત સંદેશ આપ્યો છે. જ્ઞાનેશકુમારના રાજીનામાની તેમની સતત માંગ ને કારણે એવી અટકળો તેજ બની છે કે ૫ પૂર્વ મુખ્યમંત્રીઓ કોંગ્રેસમાં પાછા ફરી શકે છે. આ નેતાઓમાં (૧) કેપ્ટન અમરિંદરસિંહ (પંજાબના પૂર્વ મુખ્યમંત્રી) (૨) ગુલામનબી આઝાદ (જમ્મુ અને કાશ્મીરના પૂર્વ મુખ્યમંત્રી) (૩) શંકરસિંહ વાઘેલા (ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી) (૪) અશોક ચવ્હાણ (મહારાષ્ટ્રના પૂર્વ મુખ્યમંત્રી) અને (૫) કિરણકુમાર રેડ્ડી (આંધ્રપ્રદેશના પૂર્વ મુખ્યમંત્રી) નો સમાવેશ થાય છે.

શંકરસિંહ વાઘેલા સિવાય અન્ય કોઈ પૂર્વ મુખ્યમંત્રીઓએ જાહેરમાં કોંગ્રેસમાં પાછા ફરવાની ઈચ્છા વ્યકત કરી નથી. રાજકીય વિશ્લેષકોના મતે જો આ પાંચમાંથી કોઈપણ પૂર્વ મુખ્યમંત્રી કોંગ્રેસમાં જોડાય છે તો સમગ્ર રાજકીય પરિસ્થિતિ બદલાઈ જશે, આમાંના મોટાભાગના નેતાઓ મુશ્કેલ સમયમાં પક્ષ છોડીને ગયા હતા. હવે સવાલ એ થાય છે કે રાહુલ ગાંધી આ પાંચ પૂર્વ મુખ્યમંત્રીઓમાંથી કોને પક્ષમાં પાછા ફરવાની તક આપશે? અશોક ચવ્હાણ સિવાય બાકીના ૪ પૂર્વ મુખ્યમંત્રીઓ હાલમાં કોઈ મહત્વના રાજકીય હોદ્દા પર નથી.

૨૬ ઓકટો. હિંમતનગરમાં પદયાત્રા યોજાશે

સાબરકાંઠા જિલ્લા ભાજપ દ્વારા હિંમતનગરમાં લોકતંત્ર બચાવો-ભીડતંત્ર હટાવો અભિયાન અંતર્ગત બેઠક યોજાઈ

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

ભારતીય જનતા પાર્ટી સાબરકાંઠા જિલ્લા દ્વારા હિંમતનગર શહેરમાં જિલ્લાના તમામ હોદ્દેદારોની આગામી સમયમાં યોજનાના વિવિધ કાર્યક્રમોની પૂર્વ તૈયારીઓ અને આયોજનને લઈ જિલ્લા ભાજપ પ્રમુખ કનુભાઈ પટેલ, જિલ્લા સંગઠન પ્રભારી બ્રિજરાજસિંહ ઝાલા ની ઉપસ્થિતિમાં બેઠક યોજાઈ હતી. જેમાં લોકતંત્ર બચાવો-ભીડતંત્ર હટાવો અભિયાનના ઉત્તર ઝોનના ઈન્ચાર્જ વિજય પંડયાએ હિંમતનગર શહેરમાં યોજાનાર જિલ્લા કક્ષાની પદયાત્રા વિશે તેમજ રાષ્ટ્ર ચિંતન સંવાદ, લોકતંત્ર વિરૂધ્ધ ભીડતંત્ર યુવા સંવાદ અને આગામી દિવસોમાં આવનાર કાર્યક્રમો વિશે વિસ્તૃત માહિતી આપી હતી અને જણાવ્યુ હતુ કે પ્રદેશમાંથી નકકી કરેલા કાર્યક્રમ કેવી રીતે પૂર્ણ કરવા અને જવાબદારી પણ નકકી કરવામાં આવી હતી. આ પ્રસંગે જિલ્લા ભાજપ પ્રમુખ કનુભાઈ પટેલ, જિલ્લા સંગઠન પ્રભારી બ્રિજરાજસિંહ ઝાલાએ દેશમાં જે રીતે કોંગ્રેસ દ્વારા યુવાનોને ગુમરાહ કરી ખોટા આંદોલનો કરી લોકશાહી ને ખતમ કરવાના જે પ્રયાસો કરે છે તે વિશે વિસ્તૃત માહિતી આપી હતી. ધારાસભ્ય રમણલાલ વોરાએ પણ પદયાત્રા તેમજ આગામી કાર્યક્રમો વિશે કેટલાક સુચનો કર્યા હતા. આ બેઠકમાં જિલ્લા પંચાયત પ્રમુખ રીનાબેન પટેલ, સાંસદ શોભનાબેન બારૈયા, ધારાસભ્ય રમણલાલ વોરા, ધારાસભ્ય ગજેન્દ્રસિંહ પરમાર, જિલ્લા મહામંત્રી પ્રેમલ દેસાઈ, બિપીન ઓઝા સહિત અગ્રણીઓ, જિલ્લામાંથી ચુંટાયેલા પદાધિકારીઓ પણ હાજર રહ્યા હતા.

બેફામ ભાડા પર અંકુશ મુકવા ગુજરાત સરકારનો ઠરાવ : કલેકટર અને ખાતાના વડાની માસિક સત્તા રૂ.૨૫ હજાર નકકી

પ્રતિનિધિ,ગાંધીનગર



સરકારી કચેરીઓ અને અન્ય હેતુઓ માટે મકાન, જગ્યા કે જમીન ભાડે લેવામાં મનસ્વી રીતે ભાડુ નકકી કરવાની પ્રથાને અંકુશમાં લેવા રાજય સરકારે ૨૮ વરસ બાદ ભાડાની નાણાંકીય સત્તા સોંપણીના નિયમોમાં ફેરફાર કર્યો છે.

નાણાં વિભાગે આ અંગે નવો ઠરાવ પ્રસિધ્ધ કરીને વિવિધ સરકારી અધિકારીઓ માટે ભાડાની મંજુરી આપવાની સત્તાની મર્યાદા નકકી કરી છે. આ નિર્ણયથી સરકારી મિલ્કતો ભાડે લેવાની પ્રક્રિયામાં નાણાંકીય શિસ્ત અને પારદર્શિતા જાળવવાનો પ્રયાસ કરાયો છે. સરકારના ઠરાવ અનુસાર સરકારી વિભાગો દ્વારા કચેરીઓ, માલ સામાનના સંગ્રહ માટે સ્ટોર રૂમ, ગોદામ, વખાર, ખુલ્લી જગ્યા, નિવાસસ્થાન, છાત્રાલયો, ટેકનીકલ તથા અન્ય નિવાસી શાળાઓ અને વિશેષ સરકારી પ્રવૃત્તિઓ માટે જરૂરી મકાન, મકાનનો ભાગ કે જમીન ભાડે લેવામાં આવે ત્યારે અધિકારીઓએ નિર્ધારીત નાણાંકીય મર્યાદામાં રહીને જ મંજુરી આપવાની રહેશે. ઠરાવમાં જણાવ્યા મુજબ એક મકાનમાં અથવા એક થી વધુ મકાનોમાં સરકારી કચેરીઓ કાર્યરત હોય તેવા કિસ્સામાં માર્ગ અને મકાન વિભાગના કાર્યપાલક ઈજનેર દ્વારા પ્રમાણિત કરાયેલા વ્યાજબીભાડા ઉપરાંત ૬૦ ટકા સુધી અથવા માસિક રૂપીયા ૧.૫ લાખ પૈકી જે રકમ ઓછી હોય તેટલી સત્તા સંબંધિત વહિવટી વિભાગને આપવામાં આવી છે.

તો બીજી તરફ જિલ્લા કલેકટર, ખાતાના વડા અને પ્રાદેશિક વડા માટે પ્રમાણિત ભાડા ઉપરાંત ૪૦ ટકા અથવા માસિક રૂપીયા ૨૫ હજાર પૈકી જે રકમ ઓછી હોય તેટલી જ નાણાંકીય સત્તા આપવામાં આવી છે. જયારે કચેરીના વડા માટે પ્રમાણિત ભાડા ઉપરાંત ૨૦ ટકા અથવા માસિક રૂપીયા ૨ હજારની મર્યાદા રાખવામાં આવી છે. આ ઉપરાંત કચેરીઓમાં પુસ્તકો અને સામાયીકોની ખરીદી તથા તેના બીલોની ચુકવણી માટે તમામ સ્તરે વાર્ષિક રૂપીયા ૨ હજારની મર્યાદા નકકી કરવામાં આવી છે. નવા નિયમોથી સરકારી ખર્ચ પર નિયંત્રણ લાવવાની સાથે ભાડાની મંજુરીમાં જવાબદારી સુનિશ્ચિત કરવાનો હેતુ છે.

ગેસ કનેક્શન કાપી નાખવાની ધમકી

સાયબર ઠગોએ ગેસ બિલના નામે છેતરપિંડી કરવાની નવી તરકીબ અપનાવી

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

અમદાવાદ શહેરમાં સાયબર ઠગોએ ગેસ બિલના નામે છેતરપિંડી કરવાની નવી તરકીબ અપનાવી છે. ઈસનપુરમાં ક્લિનિક ધરાવતા ૬૭ વર્ષીય ડૉક્ટરને માત્ર ૧૩નું ગેસ બિલ બાકી હોવાનું કહી નિશાન બનાવવામાં આવ્યા હતા.

વ્હોટ્સએપ પર મોકલવામાં આવેલી APK ફાઈલ ડાઉનલોડ કરીને તેમાં બેંક કાર્ડની વિગતો ભર્યા બાદ તેમના ખાતામાંથી કુલ ૪.૫૧ લાખ ઉપડી ગયા હતા. આ મામલે નારોલ પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પોલીસ ફરિયાદ અનુસાર, ઈસનપુર-વટવા રોડ પર રહેતા અને ઈસનપુરમાં ક્લિનિક ધરાવતા ૬૭ વર્ષીય પ્રકાશ દરજીને ૪ ઓક્ટોબર, ૨૦૨૬ના રોજ અજાણ્યા નંબર પરથી વ્હોટ્સએપ કોલ આવ્યો હતો. કોલ કરનારે અદાણી ગેસનું બિલ બાકી હોવાનું જણાવી તાત્કાલિક ચુકવણી નહીં કરવામાં આવે તો ગેસ કનેક્શન બંધ કરી દેવાની ધમકી આપી હતી. એટલું જ નહીં, ત્રણ મહિના સુધી કનેક્શન નહીં મળે તેવી વાત કરીને ડૉક્ટર પર દબાણ ઊભું કર્યું હતું.

ત્યારબાદ ઠગે વ્હોટ્સએપ પર અદાણી ગેસના લોગોવાળી નોટિસ અને બિલ ભરવા માટેની APK ફાઈલ મોકલી હતી. ગેસનું બિલ બાકી ન હોવા છતાં માત્ર ૧૩ની ચુકવણી બાકી હોવાનું કહી ડૉક્ટરને એપ્લિકેશન ડાઉનલોડ કરવા પ્રેરિત કરવામાં આવ્યા હતા.

ડૉક્ટરે ફાઈલ ખોલીને તેમાં સર્વિસ નંબર અને બેંક ઑફ બરોડાના ડેબિટ કાર્ડની વિગતો દાખલ કરી હતી. આ દરમિયાન તેમનો મોબાઈલ અચાનક હેંગ થઈ ગયો હતો અને લગભગ દોઢથી બે કલાક સુધી યોગ્ય રીતે કામ કરતો નહોતો.

મોબાઈલમાં થયેલી અસામાન્ય પ્રવૃત્તિથી શંકા જતાં ડૉક્ટર એટીએમ પર પહોંચ્યા હતા અને બેંક ખાતાની ટ્રાન્ઝેક્શન હિસ્ટ્રી તપાસી હતી. તપાસ દરમિયાન અલગ-અલગ ટ્રાન્ઝેક્શન મારફતે તેમના ખાતામાંથી કુલ ૪.૫૧ લાખ ઉપડી ગયા હોવાનું જાણવા મળ્યું હતું.

ત્યારબાદ તેમણે સાયબર હેલ્પલાઈન નંબર ૧૯૩૦ પર ફરિયાદ નોંધાવી હતી. હવે નારોલ પોલીસે આ મામલે સંબંધિત કાયદા હેઠળ ગુનો નોંધી છેતરપિંડી કરનાર શખસને શોધવા તપાસ શરૂ કરી છે.

સાયબર ઠગો ઘણી વખત ગેસ, વીજળી કે અન્ય બિલ બાકી હોવાની ખોટી ધમકી આપીને લોકોને અજાણી APK ફાઈલ ડાઉનલોડ કરાવે છે. આવી ફાઈલ મોબાઈલમાં નુકસાનકારક એપ ઈન્સ્ટોલ કરી શકે છે અને સંવેદનશીલ માહિતી જોખમમાં મૂકી શકે છે.

ગેસ કે વીજળીનું બિલ ભરવા માટે વ્હોટ્સએપ પર આવેલી અજાણી APK ફાઈલ ક્યારેય ડાઉનલોડ ન કરો. બિલની ખરાઈ સંબંધિત કંપનીની સત્તાવાર એપ અથવા વેબસાઈટ પરથી જ કરો.

બેંક કાર્ડની વિગતા OTP કે PIN અજાણ્યા વ્યક્તિ સાથે શેર ન કરો. જો સાયબર છેતરપિંડી થાય, તો તાત્કાલિક બેંકનો સંપર્ક કરીને ટ્રાન્ઝેક્શન રોકાવવાનો પ્રયાસ કરો અને ૧૯૩૦ પર ફરિયાદ નોંધાવો.

૨૦૨૧ થી જુન ૨૦૨૪ સુધીના કુલ ૧૩૧ ટકા એરીયર્સની ચુકવણી પણ કરાશે

ગુજરાતના પેન્શનર્સ માટે નાણાં વિભાગનો ઠરાવ: મોંઘવારી ભથ્થામાં ૪૪૩ ટકા સુધીનો વધારો

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાત રાજયના પેન્શનરો માટે નાણાં વિભાગ દ્વારા ખુબ જ મોટો અને મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. પાંચમાં પગારપંચ હેઠળ પેન્શન મેળવતા નિવૃત્ત કર્મચારીઓના મોંઘવારી ભથ્થામાં માતબર વધારો કરવામાં આવ્યો છે. આ હંગામી વધારો ૩૮૧ ટકા થી સીધો ૪૪૩ ટકા સુધી પહોચાડવામાં આવ્યો છે. જેનાથી પેન્શનરોને મોટો આર્થિક લાભ મળશે.

નાણાં વિભાગ દ્વારા સત્તાવાર રીતે જાહેર કરવામાં આવેલા ઠરાવ મુજબ જુલાઈ ૨૦૨૨ થી જાન્યુઆરી ૨૦૨૪ સુધીના સમયગાળા માટે તબકકાવાર મોંઘવારી ભથ્થામાં વધારો મંજુર કરવામાં આવ્યો છે.

આ નિર્ધારીત યોજના અનુસાર પેન્શનરોને જુલાઈ ૨૦૨૨ થી ૩૯૬ ટકા ના દરે મોંઘવારી ભથ્થુ આપવામાં આવશે. ત્યારબાદ જાન્યુઆરી ૨૦૨૩ થી આ દર વધારીને ૪૧૨ ટકા કરવામાં આવ્યો છે અને જુલાઈ ૨૦૨૩ થી પેન્શનરોને ૪૨૭ ટકા ના સુધારેલા દરે મોંઘવારી ભથ્થુ ચુકવવામાં આવશે. છેવટે જાન્યુઆરી ૨૦૨૪ થી પેન્શનરોને પુરેપુરૂ ૪૪૩ ટકા ભથ્થુ ચુકવવા માટે નાણાં વિભાગે સત્તાવાર ઠરાવ કરીને મંજુરી આપી દીધી છે.

આમ દરેક નિયત સમયગાળા મુજબ ભથ્થાના દરમાં ક્રમશઃ વધારો કરવામાં આવ્યો છે. આ તબકકાવાર ગણતરીના કારણે પેન્શનધારકોને દરેક સમયગાળાનો અલગથી હિસાબ કરીને સુધારેલા દર મુજબ નાણાંકીય ચુકવણી કરવામાં આવશે.

નાણાં વિભાગના ઠરાવ પ્રમાણે જુલાઈ ૨૦૨૧ થી જુન ૨૦૨૪ સુધીના સમયગાળા માટેના કુલ ૧૩૧ ટકા એરીયર્સની ચુકવણી પેન્શનરોને રોકડમાં કરવામાં આવશે. પાંચમાં પગારપંચ હેઠળ પેન્શન મેળવતા કર્મચારીઓને આ બાકી રહેલા એરીયર્સની રકમ મળવાથી મોટો આર્થિક ટેકો પ્રાપ્ત થશે. રાજય સરકારના નાણાં વિભાગે આ તમામ તબકકાઓ અને એરીયર્સની ચુકવણી બાબતે વિસ્તૃત જોગવાઈઓ સાથેનો સત્તાવાર ઠરાવ પ્રસિધ્ધ કર્યો છે. આ ઠરાવને પગલે હવે વહિવટી કક્ષાએથી તમામ પાત્રતા ધરાવતા પેન્શનરોના ખાતામાં નિયત ટકાવારી પ્રમાણે નાણાં જમા કરવાની પ્રક્રિયા સુચારૂ રીતે હાથ ધરાશે. જુલાઈ ૨૦૨૧ થી જુન ૨૦૨૪ સુધીના કુલ ૧૩૧ ટકા એરીયર્સની ચુકવણીનો લાભ પેન્શનરોને નિયમાનુસાર મળશે.